Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૩૦ • તા. ૨૭ જુલાઈ થી ૦૨ ઑગસ્ટ ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17



# તૃતીય પુણ્યતિથીએ આદરાંજલિ

**।। પિતૃદેવો ભવ ।।**



સ્વર્ગવાસ :
તા. ૨૭/૦૭/૨૦૧૨

## સાંધવરત્ન
## શ્રી મુલજી રાઘવજી લોડાયા

पिता जिवन है, संबल है, शक्ति है,
पिता सृष्टि के निर्माण की अभिव्यक्ति है
पिता ऊंगलि पकड़े बच्चे का सहारा है
पिता कभी खटा कभी खारा है
पिता पालन है, पोषण है परिवार का अनुशासन है,
पिता धौंस से चलने वाला प्रेम का प्रशासन है,
पिता रोटि है, कपड़ा है, मकान है,
पिता छोटे से परिंदे का बड़ा आसमान है
पिता अप्रदर्शित अनंत प्यार है
पिता है तो बच्चों को इंतज़ार है
पिता से ही बच्चों के ढेर सारे सपनें है
पिता है तो बाज़ार के सब खिलौने अपने है
पिता से ही माँ की बिंदी और सुहाग है
पिता अपनी इच्छाओं का हनन और परिवार की पूर्ति है
पिता रक्त में दिये हुए संस्कारो की मूर्ति है
पिता अेक जीवन को जीवन का दान है
पिता दुनिया दिखाने का अहसान है
पिता नहीं तो बचपन अनाथ है
पितासे बड़ा तुम अपना नाम करो
पिता का अपमान नहीं उनका अभिमान करो
क्यों के माँ बाप की कमी को कोइ बाँट नहीं सकता
और ईश्वर भी इनके आशीषों को काट नहीं सकता
विश्व में किसी भी देवता का स्थान दुजा है
माँ बाप की सेवा ही सबसे बड़ी पूजा है
विश्व में किसी भी तीर्थ की यात्रा व्यर्थ है
यदि संतानों के होते माँ बाप असमर्थ है
वो खुशनसीब है माँ बाप जिनके साथ है
क्यों की माँ बाप के आशीषों हे हज़ार हाथ होते हैं



*સસ્નેહ વંદન*

**કાંતા મુલજી લોડાયા**

અ. સૌ. જયશ્રી અને ડૉ. કાંતીલાલ નરશી દંડ
અ. સૌ. આશા અને નરેશ લક્ષ્મીચંદ સોની
અ. સૌ. મનીષા અને બકુલ પંઢરીનાથ પાટીલ
દિનેશ - મીતુ, અમીત - ધારીણી, પૂજા, નિર્મિત, વિહા તથા
**MRL Group of Companies નો સમગ્ર સ્ટાફ**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 30/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## બાળદીક્ષાથી બાળ અધિકારનો ભંગ

ગુજરાત હાઈકોર્ટ તાજેતરમાં બાળદીક્ષા સંબંધમાં ચુકાદો આપ્યો છે. તેની વિગતમાં ઊતરતાં પૂર્વે અગાઉ બનેલા આવા કિસ્સાઓની વિગતો તપાસીએ. મુંબઈમાં ૧૫ વર્ષ અગાઉ પાયલ નામની ૧૨ વર્ષની બાળકીને દીક્ષા આપવા સામે કોર્ટ કેસ થયો હતો. તેના પરિણામની જાણ નથી. ૨-૩ વર્ષ અગાઉ સુરતમાં પણ આ જ મામલે કોર્ટ કેસ થયો હતો અને તેમાં જાણ પ્રમાણે બાળકને દીક્ષા લેતા અટકાવવા કોર્ટે હુકમ કર્યો હતો. પ્રસ્તુત કેસની વિગતો થોડી ગંભીર છે. 'સન્માન' નામના સામયિકમાં ભારત સરકારે બાળદીક્ષાની પરવાનગી જાહેર કરતું જાહેરનામું પ્રગટ થયેલ હોવાનું જણાવવામાં આવ્યું હતું. માહિતી અધિકાર ધારા હેઠળ થયેલ અરજીના જવાબમાં ભારત સરકારે તેના કોઈ ખાતા તરફથી આવું જાહેરનામું પ્રગટ કરાયેલ ન હોવાનું સ્પષ્ટ જાહેર કર્યું. આથી સદર સામયિક સામે બાળદીક્ષા પ્રેરવા માટે બનાવટી દસ્તાવેજ પ્રગટ કરવાના આરોપસર અદાલતમાં ફરિયાદ દાખલ કરવામાં આવી. અમદાવાદની મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે ફરિયાદનો સ્વીકાર કરી. આરોપીઓને સમન્સ પાઠવવા હુકમ કર્યો. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમ સામે ફરિયાદ કાર્યવાહી રદ કરવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી. ગુજરાત હાઈકોર્ટ જસ્ટીસ પારડીવાલાએ બંને પક્ષકારોને સાંભળી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમને બહાલી આપી. પરંતુ તેની સાથે તેમણે કરેલ અવલોકનો નોંધપાત્ર છે.

આ ચુકાદામાં નોંધવામાં આવ્યું છે કે બાળદીક્ષા, બાળ સંન્યાસી કે બાળસાધુ થવા માટે પ્રેરણા આપવી કાયદા મુજબ ગુનો બને છે. આ ચુકાદામાં વધુમાં નોંધવામાં આવ્યું કે બાળદીક્ષા બાળક માટે ક્રૂરતા આચરવા સમાન છે. બંધારણ અનુચ્છેદ ૨૧ અનુસાર દરેક બાળકને પોતાનું બાળપણ માણવાનો અધિકાર છે. ઉપરાંત, અનુચ્છેદ ૨૫ અનુસાર દરેક વ્યક્તિને ધર્મ-સ્વાતંત્ર્ય પણ પ્રદાન કરાયેલ છે. ગુજરાત હાઈકોર્ટે એ બાબતની ગંભીર નોંધ લીધી હતી કે બાળદીક્ષા પરવાનગી આપતું કોઈ જાહેરનામું ભારત સરકારના કોઈ ખાતાએ પ્રગટ કરેલ ન હોવાનું જાણવા છતાં, તે બાબતે ભારત સરકાર તરફથી આ બનાવટી દસ્તાવેજ સંબંધમાં કોઈ પગલાં લેવાયાં ન હતાં. ગુજરાત હાઈકોર્ટે એ નોંધ્યું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આ મામલે કેમ ચૂપ છે તે સમજાતું નથી. ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે બાળકોના અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી રાજ્ય અને અદાલતની છે. બાળદીક્ષા માટે તેના માતા-પિતા કે વાલીને સંમતિ આપવાનો કોઈ અધિકાર નથી. બાળક પુખ્ત વયનું થયા બાદ જ પોતાનો જીવનરાહ નક્કી કરવા મુખત્યાર છે.

યુનોએ બાળકોના અધિકારોના સંબંધમાં ૧૯૮૯માં ખતપત્ર પ્રગટ કરેલ છે. ભારતે તેનો સ્વીકાર કરી પોતાની સહી તેમાં કરેલ છે. તેની કલમ ૨ મુજબ બાળક સાથે કુટુંબમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ થવો જોઈએ નહીં. કલમ ૬ મુજબ દરેક બાળકને જીવવાનો ને વિકસવાનો અધિકાર છે. બાળદીક્ષા લેવાથી (એટલે કે સંસારત્યાગ) આ અધિકારનો ભંગ થાય છે. કારણ કે સંસારત્યાગ (સાધુ થવા)થી કાયદાની દૃષ્ટિએ તે વ્યક્તિનું દીવાની અવસાન (Civil Death) થાય છે. કલમ ૮ મુજબ દરેક બાળકને પોતાના વ્યક્તિમત્વને ટકાવી રાખવાનો કે પ્રતિસ્થાપિત કરવાનો અધિકાર છે. કલમ ૧૨ મુજબ દરેક બાળકને વિચારોની મુક્ત અભિવ્યક્તિનો અધિકાર પણ છે. કલમ ૧૪ જણાવે છે કે દરેક બાલકને ધર્મ અને શ્રદ્ધાને વ્યક્ત કરવાનો અધિકાર છે. રાજ્ય માતા-પિતા કે વાલીની આ અધિકારના સન્માન માટે સાચી દિશાનું માર્ગદર્શન આપવાની ફરજ છે. એટલે કે બાળક બાળદીક્ષા જેવો ગંભીર નિર્ણય લેવા સક્ષમ નથી. તેની સાથે માતા-પિતા બાળદીક્ષા માટે સંમતિ પણ ન આપી શકે. હાઈકોર્ટે ઠરાવ્યું છે કે બાળદીક્ષા માટે માતા-પિતાએ સંમતિ આપેલ હોય, તો પણ રાજ્ય અને અદાલતે બાળદીક્ષા અટકાવવા પગલાં લેવાં જોઈએ. હાઈકોર્ટે રાજ્યને બાળ-દીક્ષા રોકવા કાયદો ઘડવા પણ સૂચન કરેલ છે.

કેન્દ્ર સરકારે બાળ ન્યાય ધારો, બાળ અધિકાર રક્ષણ પંચ ધારો-૨૦૦૫, બાળકોને જાતીય ગુનાઓથી રક્ષણ ધારો, ૨૦૧૨ જેવા કાયદાઓ ઘડ્યા છે. તે જોતાં બાળદીક્ષાને કોઈ સ્થાન હોઈ શકે નહીં.

**– અશ્વિન ન. કારીયા, પાલનપુર, 'ભૂમિપત્ર'માંથી સાભાર**

## સાંગલીના અગ્રણી જ્ઞાતિ પરિવારના દાનથી શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજના મેડિકલ સેંટરમાં ડેન્ટલ ક્લીનિક





શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજ પ્રેરિત શ્રી શામજી રાજપાલ શહા મેડિકલ અને શૈક્ષણિક સેંટરમાં તા. ૧૪/૬/૨૦૧૫ ના ડેન્ટલ ક્લીનિક અને સ્ત્રી ચિકિત્સા વિભાગનો પ્રારંભ થયો, તેમાંથી ડેન્ટલ ક્લીનિકના દાતા જ્ઞાતિના સાંગલીમાં રહેતો મૂળ કોઠારાના શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોનાનો પરિવાર છે.

શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના માત્ર સાંગલીમાં નહીં સમસ્ત મહારાષ્ટ્રમાં વસતા કચ્છી દશા-વિશાઓ સમાજોના સર્વમાન્ય નેતાઓમાંથી એક છે.

સાંગલીના લોકોને રાહત દરે તબીબી સેવા આપવા શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજને પોલિક્લિનિક શરૂ કરવાની પ્રેરણા પણ શ્રી ઉત્તમભાઈ ખોનાએ જ આપી હતી. તેમના પરિવારના દાનથી શરૂ કરાયેલા ડેન્ટલ ક્લીનિકનું સમાજાર્પણ ક.વી.ઓ. સેવા સમાજ-મુંબઈના અધ્યક્ષ શ્રી મનીશભાઈ દામજી ગાલાએ કર્યું હતું.

સાંગલીના સામાન્ય માનવી માટે તબીબી સુવિધા ઊભી કરી પોતાના પરિવાર સાથે જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના પરિવારને અભિનંદન.

## શ્રી તે.કુ. લા.ધુ જૈન યુવક સંઘ
## ચાલો પર્યુષણ પર્વની શાનદાર ઉજવણીં કરવા તેરા...

**શ્રી તેરા-કુવાપધર, લાખણીયા, ધ્રુફીના જૈન ભાઈ બહેનો જોગ,**
**જય જીરાવલ્લા... જય શામળીયા...**

સહર્ષ જણાવતા આનંદ અનુભવીએ છીએ કે શ્રી જીરાવલ્લા તથા શ્રી શામળીયા પાર્શ્વપ્રભુની અસીમ કૃપાથી આપણા સંઘના પૂણ્યોદયે આપણી વિનંતીને માન આપી અ.ગ.પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના નાં આદેશથી ચાલુ સાલે સંવત ૨૦૭૧ના તેરા તીર્થ મધ્યે ચાતુર્માસની આરાધના કરાવવા માટે તેમના આજ્ઞાવર્તીની અધ્યાત્મ વિદુષી પ.પૂ. સાધ્વી શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ના પ્રશીષ્યા તથા પ.પૂ. સાધ્વીશ્રી ભુવનભાનુશ્રીજી મ.સા. ના શિષ્યા નવકાર મંત્ર આરાધક એવમ પ્રશાંત મૂર્તિ પ.પૂ. સાધ્વીશ્રી વિરગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા. ઠાણા બે નો ચાતુર્માસ મંગલ પ્રવેશ તેરા ખાતે તા. ૧૭-૦૭-૨૦૧૫ના વિધિવત થઈ ગયો છે.

શેરડીનાં રસની મધુરતા માત્ર વર્ણન સાંભળવાથી એના રસાસ્વાદનો અનુભવ નથી થતો પણ સ્વયં એના ઘુંટ પીવા પડેછે તેમજ આરાધના અને અમૃતવાણીનો અનોખો રસાસ્વાદ પ્રત્યક્ષ માણવા અમે આપ સહુને પર્યુષણ પર્વ આરાધના માટે શ્રી તેરા પધારવા આપ સહુને તથા નીયાણીઓને સપ્રેમ આમંત્રણ આપતાં આનંદ અનુભવીએ છીએ.

ખાસ નોંધ : દાતાશ્રીઓના સહયોગશ્રી આપનું મુંબઈથી તેરા પહોંચવાનું તદન નીઃ શુલ્ક રાખેલ છે. (ફક્ત હમણાં નામ નોંધાવતી વખતે રૂા. ૫૦૦/- વ્યક્તિ દિઠ ડીપોઝીટ તરીકે આપવાનાં રહેશે કે જે તેરા પહોંચતા રીફંડ આપવામાં આવશે). તો આપના નામ મોડામાં મોડા તા. ૩૧/૦૭/૨૦૧૫ પહેલા સંઘના કાર્યાલયમાં પૈસા ભરી લખાવી દેશોજી. પર્યુષણ દરમ્યાન રહેવા તથા જમવાની વ્યવસ્થા મહાજનના રસોડે તદન ફ્રી છે.

**શ્રી તે.કુ. લા.ધુ. જૈન યુવક સંઘના જય જિનેન્દ્ર**


| કુમાર બાબુભાઈ દંડ | નરેન્દ્ર લાલજી ખોના | શ્રીમતી કવિતા હેમંત ધુલ્લા |
|---|---|---|
| 093226 80008 | 098704 13130 | 096193 12313 |

## મલબાર ક્ષેત્રમાં ક.દ.ઓ જ્ઞાતિનું ગૌરવ શેઠશ્રી હીરજી ખીંયરાજ દંડ કચ્છ લાલા



કોચીનમાં જે માનનીય વ્યક્તિઓ વસે છે તેમાં શ્રીયુત્ હીરજી ખીઅરાજ એક છે, મુંબઈની સુપ્રતિષ્ઠિત પેઢી શેઠ વેલજી શિવજીની કમ્પનીના તેઓ ભાગીદાર હોઈને કોચીનમાંની એ પેઢીની શાખાના વ્યવસ્થાપક છે. ઘણાં ઘણાં પૂણ્ય કાર્યોમાં તેમની ઉદારતાનો સારો પરિચય આપે છે. કોચીનના ગુજરાતી સમાજનું તેઓ એક સાચું ભૂષણ છે.

શ્રીયુત્ હીરજીભાઈનો જન્મ કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાના લાલા ગામમાં સંવત ૧૯૪૬ ઇ.સ. ૧૮૯૦માં આસો માસમાં થયેલો. લાલા એક નાનું ગામડું છે અને પ્રસિદ્ધ જખૌ બંદરથી દોઢ માઈલને અંતરે આવેલું છે. શ્રી હીરજીભાઈના પિતાશ્રીનું નામ શેઠ ખીઅરાજ લધા. ખીઅરાજ શેઠ લાલા છોડીને વેપાવણજ અર્થે મુંબઈ ગયેલા ને ત્યાંથી તેઓ ખાનદેશમાં ગયા. ખાનદેશના નીંબોરામાં એમણે વેપાર શરૂ કરેલો. ત્યાં ઘણાં લાંબા વખત સુધી વેપારમાં મચ્યા રહી સારો પઈસો કમાયા પછી તેઓએ મુંબઈમાં આવી પેઢી નાખી. ધીમે ધીમે પેઢીની શાખ વધારી તેઓએ સારી નામના મેળવી.

સંકલનકારશ્રી નોંધ : શેઠશ્રી હીરજી ખીંયરાજ દંડ કોચીન માં, મુંબઈ ની સુપ્રતિષ્ઠિત પેઢી શેઠ વેલજી શિવજી ની કંપની ના મેનેજીંગ પાર્ટનર હતા.

પ્રસ્તુત લેખ શ્રી માધવરાય ગીગાભાઈ જોશી દ્વારા પ્રકાશિત ''મલબાર પ્રદેશની રૂપરેખા'' (ઈ.સ.૧૯૨૭) માંથી સંકલિત છે.

બાદમાં શ્રી હીરજી ખીંયરાજ દંડ મુંબઈમાં ઘાટકોપર મધ્યે સ્થાયી થયા. તેમનાં બધા સુકાર્યોમાં જેતબાઈ અને મણીબાઈ શેઠાણીએ સાથ આપ્યો. શ્રી હીરજી ખીંયરાજ દંડના ત્રણ સંતાનો : ૧) શ્રી સુર્યકાંત હીરજી ખીંયરાજ દંડ - મુલુંડ (૨) સ્વ. ધનલક્ષ્મીબાઈ હીરજી ખીંયરાજ દંડ - સળંગ ૧૦૮ ઉપવાસ કરેલ. ૩) પ.પૂ. આ.ભ. કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજનાં શિષ્ય રત્ન પૂજ્ય મુનિપ્રવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. (સાંસરિક નામ શ્રી મુળચંદ હીરજી ખીંયરાજ દંડ), જેમનું ચાતુર્માસ હાલમાં કોચીન મુકામે છે.

સંકલનકર્તા : શ્રી અમૃતલાલ વીશનજી કુંવરજી મોમાયા (કોચીન)


જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી

**વરાડીયા તીર્થે**
**૧૮ અભિષેક - ધ્વજારોહણ**

શ્રી વરાડીયા તીર્થ જિનાલયની **૧૧૨મી સાલગીરા** નિમિત્તે સં. ૨૦૭૧ શ્રાવણ સુદ ૪ ને તા. ૧૮.૮.૨૦૧૫ના પ્રભુજીના ૧૮ **અભિષેક** તથા શ્રાવણ સુદ ૫ ને તા. ૧૯.૮.૨૦૧૫ ના જિનાલયનો **ધ્વજારોહણ ઉત્સવ** ઉજવાશે.

આ પ્રસંગે વરાડીયાવાસીઓ તથા નિયાણી બેનોને સપરિવાર પધારવા આત્મીય આમંત્રણ છે.

વરાડીયા તીર્થે અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા છે.

લી. **શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ**

**શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.**

**શૈક્ષણિક ઈનામ માટેની અરજીઓ આપવાની મુદત લંબાવાઈ**

અરિહંત બેંક દ્વારા સભ્યોના સંતાનોને અપાતા શૈક્ષણિક ઈનામો માટેની અરજી આપવાની મુદત તા. ૧૪/૦૮/૨૦૧૫ સુધી લંબાવવામાં આવી છે, તેની નોંધ લેવા શેરધારકોને વિનંતિ.

**ખેતશી ડી. ખોના** (સી.ઇ.ઓ.)

**પધારો વરાડીયા પધારો**

૧૧૨ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થમાં દાદા શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીના દર્શને પધારો. અત્રે ભોજનશાળા તથા અતિથિગૃહની સુવિધા છે.

| | |
|---|---|
| ભોજનશાળા | : 99259 84425, 95743 43315 |
| અતિથિગૃહ | : 94285 67101, 83470 66642 |
| નિરંજન મોમાયા | : 93222 24815 |
| નલીન ડાઘા | : 97691 11040 |

પ્રભુજીના અઢાર અભિષેક તથા જિનાલય ધ્વજાપ્રસંગે શ્રાવણ સુદ ચોથ અને પાંચમ તા. ૧૮/૮ને ૧૯/૮ના પધારવા વિનંતી.

શેઠ ખીઅરાજ લધા પોતાની દાનશીલતા માટે ધમાવતર કહેવાય ગયા છે. એમણે લાલામાં એક મહાજનવાડી બંધાવી અને મહાજનનાં વાસણ વિગેરે સામાન રાખવાને એક મકાન પણ મહાજનને લઈ આપ્યું. તથા પોતે બંધાવેલી મહાજનવાડીમાં એક આંબેલવાડી પણ બાંધી અને પછી સદાકાળ ચીરસ્મરણ રહે એવું એક સુંદર શીખર બંધ દેરાસર પણ એમણે બંધાવ્યું. દેરાસરજીનાં બાંધકામમાં લગભગ અરધો લાખ રૂપીઓ ખરચવામાં આવ્યો અને પછી દેરાસરજી તઈયાર થતાં તેમાં પ્રભૂની પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠા અને ધ્વજારોપણનું મુહુર્ત માહ સુદ ૫નું હતું. આ પ્રસંગે શેઠ ખીઅરાજે સ્વામિ વચ્છલનાં ભોજન અને પૂજા પ્રભાવનાદિક કાય માં રૂા. ૧૫ હજાર ખરચ કર્યું. અને આ શુભ દિવસની યાદમાં પ્રતિવર્ષ સ્વામિ વચ્છલનું ભોજન આપવાનું ઠરાવ્યું તેમજ સંવત્સરીના દિવસે પણ ભોજન આપવાનું ચાલુ કર્યું.

વર્ષમાં બે બાર આંબેલ કરાવવાનું ખરચ આપવાનું પણ એમણે ઠરાવ્યું અને સાધુ મુનિમહારાજાઓ માટે એક જ્ઞાનશાળા પણ બંધાવી.

લાલા, જખૌ, રાણપુર અને સીધઉ (સાંધવ) એ ચાર ગામ મળીને ચોખરો કહેવાય છે. શેઠ ખીઅરાજે આવા ચોખરાઓ ઘણીવાર જમાડેલા.

શેઠ ખીઅરાજે પોતાના સુપુત્ર ભાઈ હીરજીના બાળમોવાળા ઉતરાવવાના શુભ ઉત્સવમાં મોટી ધામધુમ કરી . આ ટાંકણે લગભગ ૮ હજાર રૂપિઓ ખરચ થયો.

મુંબઈના પ્રતિષ્ઠિત શેઠ શીવજી કરમસીનાં સુયોગ્ય પુત્રી જેતબાઈ સાથે શેઠ ખીઅરાજે પોતાના પુત્ર હીરજીભાઈના શુભલગ્ન સંવત્ ૧૯૫૮ (ઈ.સ. ૧૯૦૨) નાં વર્ષમાં મોટી ધામધુમથી કર્યો. તેમણે ૨૫ હજાર રૂપિયો વાપર્યો.

શેઠ ખીઅરાજે પોતાના માતા પિતાના ઉત્તર કાર્યમાં અને પુત્ર વધુ સૌ. જેતબાઈના સીમંત પ્રસંગમાં પણ ભારે ખરચ કર્યા.

શેઠ ખીઅરાજ ભાઈને પરમાત્માએ એક પણ કન્યાસન્તાન આપ્યું ન હતું તેથી તેમણે પોતાના ભાણેજ શાહ માણેક ગંગાજરનાં પુત્રીને નાનપણથી ઉછેરી મોટી કરેલી. તેમને ૧૫ હજાર ખરચ કરી મોટી ધામધુમથી પરણાવી. આ ભાગ્યવન્ત બહેન ધનબાઈના લગ્ન કરી શેઠ ખીઅરાજે કન્યાદાનનું અપૂર્વ પૂણ્ય મેળવ્યું

આમ સંસારના નાના મ્હોટા લ્હાવા લઈ ધર્મનું ભાથુ બાંધી ૮૫ વર્ષની વૃદ્ધાવસ્થાએ શેઠ ખીઅરાજ લોક પામ્યા. તેમનાં પહેલાં થોડાજ દિવસો પૂર્વે એટલે ફાગણ સુદ ૧૪ને દિવસ પતિધર્મ પરાયણા દેવી ખેતબાઈ (શેઠ ખીઅરાજના ધર્મપત્નિ) સ્વર્ગવાસી થયાં હતાં. શેઠ હીરજીભાઈનામાં પણ એવા દાનશીલ ઉદારચિત ધર્મનિષ્ઠ પિતાના સર્વે ગુણો સર્વાશે ઉતરી આવેલા છે.

માતા પિતાના પાછળ પુણ્ય નિમિત્તે દાનશીલ પિતાના ધર્મપરાયણુ પુત્રે મોટી રકમ વાપરી. પિતાના નામની ચીરકાળ યાદમાં એક રકમ સ્થાયી રોકીને પિતાની મૃત્યુ તિથિએ લાલાના દેરાસરમાં પુજા ભણાવા અને જૈન મહાજનમાં પાંખી પાળવામાં આવે એવી વ્યવસ્થા કરી. એટલું જ નહીં પણ પોતાના પિતાશ્રીએ જે જે બાર માસિક સ્વામી વાત્સલ્યનાં ભોજન ઠરાવેલાં તે અદ્યાપી સુધી શ્રીયુત્ હીરજી ભાઈ નીભાવતા આવ્યા છે. આંબેલ કરાવવા, પુજા ભણાવવી દૂર દેશમાં રહેવા છતાં મહાજનનો લાગો આપવો એ વગેરે વડીલના ચીલા હજુ એમણે સાચવી રાખ્યા છે.

શ્રીયુત્ હીરજી ભાઈએ પિતાની પાછળ સંવત ૧૯૭૭ (ઇ.સ. ૧૯૨૧) ના ભાદરવા માસમાં કચ્છ દેશ સમસ્તનું નાત તેડું કરયું. ૫૨ ગામમાં વસનારાં સર્વે જૈન બંધુઓને નિમંત્ર્યા તે ઉપરાંત દૂર દૂર પરદેશ વસનારા સગાં વહાલાઓ અને ઈષ્ઠમિત્રોને બોલાવ્યા અને ભાદરવા વદ ૩ નો દિવસ પિતાની ચીર યાદમાં 'નાતતેડા' તરીકનો ઉજવ્યો. નાતને ત્રણ જમણ આપ્યાં તેમાં કુલે ૨૦ હજાર રૂપિયા ખરચ કર્યું એટલું જ નહીં પણ પિતાએ પ્રદર્શિત કરેલી ઈચ્છા પ્રમાણે શ્રીયુત હીરજી ભાઈએ આપ્તજન સંબંધીને નવાજી પિતાનું રૂણ અદા કર્યું.


|| શ્રી શાંતિનાથાય નમઃ ||

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

તથા

**શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન મહાજન-ભુજ**

આયોજીત

**સમસ્ત જૈન સમાજના સમુહ લગ્નોત્સવ ૨૦૧૫**

SILVER JUBILEE YEAR 2015 SSJJ GROUP 25 YEARS

**રવિવાર, તા. ૧૩-૧૨-૨૦૧૫**

સ્થળ : ભુજ - કચ્છ

**સમુહ લગ્નમાં જોડાવવા વિશેષરૂપ**

**સમસ્ત જૈન સમાજને હાર્દિક આમંત્રણ આપીએ છીએ.**

ઐતિહાસિક અને જાજરમાન સમુહ લગ્નોત્સવ - ૨૦૧૫ ના બે દિવસના મહોત્સવમાં આપના પુત્ર/પુત્રીના લગ્નો નોંધાવી જોડાવવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

**માંગલિક પ્રસંગો**

| માગસર સુદ ૨, શનિવાર, તા. ૧૨-૧૨-૧૫ | માગસર સુદ ૩, રવિવાર, તા. ૧૩-૧૨-૧૫ |
|---|---|
| જાનૈયા માનૈયાનું સ્વાગત | વરરાજાઓનો વરઘોડો |
| સિધ્ધચક્ર મહાપુજન | હસ્તમેળાપ લગ્ન સમારંભ |
| મહાકાળી માતાજીની ભાવના | ભવ્ય અભિવાદન સમારોહ |
| સંગીત મહોત્સવ સાથે દાંડિયારાસ | વિદાય સમારંભ |

**૨૫મા સમુહ લગ્ન મહોત્સવમાં કન્યાદાનમાં ખોંભાનો છાલ (ઘરચોળું), ચણીયાચોળી, પાનેતર વગેરે સહિત વિશિષ્ટ કન્યાદાન કરવામાં આવશે.**

: વધુ માહિતી માટે સંપર્કસૂત્રો :

પ્રબોધ મુનવર (કચ્છ) ૯૯૨૫૧ ૬૯૮૭૬

કિરણ દંડ (મુંબઈ) ૯૮૩૩૮ ૦૮૨૪૪



**શ્રી અરિહંત ટ્રેડીંગ**

ચીકીઓ : શીગ, કશ, તલ, દાલિયા, ખજુર મલાઈ ચિકી, રાજગીરા, શિયાળા યાઠો મળશે. સંપર્ક : કીર્તી શીવજી મૈશેરી, નાની સિંઘોડી - ભાંડુપ. મો.: 099200 89346 / 099308 23619

**ફ્રી હોમ ડિલીવરી**

લાલાના નગરશેઠનું પદ શ્રીયુત હીરજી ભાઈને છે. પોતાનો વસવાટ બહાર ગામ હોવાથી લાલા મધ્યેનું મહાજનનો સામાન રાખવાનું મકાન,, જ્ઞાનશાલા અને શ્રી દેરાસરજી તથા આંબેલવાડી માટે ટ્રસ્ટી મંડળ સ્થાપી તે સર્વે મિલ્કત એમને સ્વાધીન કરેલી છે.

સંવત ૧૯૭૬ (ઈ.સ. ૧૯૨૦) ના વર્ષમાં શ્રી હીરજી ભાઈને ને ત્યાં શ્રીમતી સૌ. ખેતબાઈને ઉદરે પુત્રરત્ન સાંપડ્યું હતું તે બાળક ચી. ધનજી દશ મહિનાનું આયુષ્ય લઈ આવ્યું હતું તે પુરૂં કરી ચાલતું થયું અને ત્યાર પછી કશું સંતાન નથી.

સુશીલ સદ્‌ગુણસંપન્ન અને સ્વધર્મ પરાયણા બહેન ધનબહેન ખારા સમુદ્રમાં મીઠી વિલડી જેવી તે પણ આ નશીબ મન્દ ભાઈનો ઉગતો જતો કીર્તિસૂર્ય જોવાને આ સંસારમાં રહી નથી. અઢી વર્ષ પહેલાં સ્વર્ગવાસી થઈ છે.

શ્રી હીરજીભાઈ મુંબઈની પ્રતિષ્ઠિત નામીચી પેઢી શેઠ વેલજી શીવજીની પેઢી સાથે સંવત ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧) થી જોડાયેલા છે. ૧૯૭૮ ના અઈત્ર માસમાં તેઓ કોચીનમાં આવેલા છે. ત્યારથી તેઓ કોચીનની પેઢીની નામનામાં વધારો કરતા આવ્યા છે. હાલમાં મહાન્યેરીના વેપારી મંડળમાં આ પેઢી વધારે શાખ ધરાવે છે. અને સ્થાનિક શ્રી જૈન સંઘની અગ્રગણ્યતામાં પોતાની પેઢીનું નામ પ્રથમ ક્રમમાં મૂક્યું છે.

હાલના શ્રી જૈન દેરાવાસી સંઘના કાર્યવાહક મંડળમાં શેઠ ધનજી લીલાધર, શેઠવેલજી શીવજી શેઠ ગોવર્ધનદાસ હાથીભાઈ, શેઠ આણંદજી માલશી (શેઠ દેવસી પેથરાજ કાથાવાલા) શેઠ લક્ષ્મીચંદ નથુ, શેઠ હરજીવન છગન, અને શેઠ ભાણજી જેવત ખોના એ મુજબના સભ્યો છે. શેઠ વેલજી શીવજી કાું. તરફથી સ્થાનિક દેરાસરજીમાં આબેલનું ખરચ અપાય છે અને અવાર નવાર પૂજા પ્રભાવના ઠીક થયા કરે છે.

ત્રણેક વર્ષ ઉપર સ્થાનિક શ્રી કોચીન ગુજરાતી વિદ્યાલય જે શ્રી મહાજન શ્રી સમસ્તનું છે તે કંઈ વિખવાદને લીધે બંધ પડેલું તે શેઠ શ્રી હીરજી ખીઅરાજનો ભારે મોભો છે. એટલું જ નહીં પણ તેઓ એક સરવેઅર તરીકે મનાય છે અને વેપારીઓના વાંધા પ્રસંગે માલના કચાશ વગેરે તેમના કરેલા ચુકાદા એસોસીએશન અને સરકારી અદાલત પણ કબુલ કરે છે.

આવા એક ગર્ભ શ્રીમંત વંશપરંપરાની કુલીનતામાં ઉછરેલા ખાનદાન કુટુંબના પુરૂષને કોચીનની નામદાર સરકારે ઓનનરી મેજીસ્ટ્રેટનો માનવંત હોદો અર્પ્યો છે. તેઓ ઓનરરી મેજીસ્ટ્રેટસની બેન્ચમાં નિયમિત હાજીરી આપી ન્યાયના કેટલાક પ્રશ્નોમાં પોતાના વિચાર અને શુદ્ધિનો તારીફ કરવા લાયક પરિચય આપી કોચીન સરકારના ન્યાય ખાતામાં પ્રજાકીય ન્યાયાધીશ તરીકે કચ્છને - બૃહદ્ ગુજરાતને શોભાવી રહ્યા છે.


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર  પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી  પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર  બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એકસક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**


### શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા જીવદયા

શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપના સભ્યો અને કાર્યકરોએ તાજેતરમાં કચ્છમાં કોઠારાની આજુબાજુના ગામોની મુલાકાત લીધી હતી. ત્યારે ત્યાં મૂક, અશક્ત અને નિરાધાર ૪૦-૫૦ ઠોર-પશુઓ પ્રત્યે અનુકંપા પ્રેરિત ભાવનાથી તેમને આપણી કોઠારા મહાજનની પાંજરાપોળમાં દાખલ કરવા ટ્રસ્ટીઓને વિનંતિ કરતાં તેમણે સત્વરે સહકાર આપ્યો તે બદલ કોઠારા મહાજન અને પાંજરાપોળના ટ્રસ્ટીઓને આભાર અને અનુમોદના.


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

# ભારત સરકાર દ્વારા જૈન લઘુમતી વિદ્યાર્થીઓને મળતા લાભ

**ધોરણ ૧ થી પી.એચ.ડી. સુધીના કોર્સ તથા વિદેશમાં ભણતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ, લોન તથા ફેલોશિપ (પાત્રતા ને આધારે આપવાની જોગવાઈ છે, મુખ્ય યોજનાઓ આ પ્રમાણે છે.**

| ધોરણ<br>કોર્સનું નામ | શિષ્યવૃતિ કુલ અપાવી રકમ<br>(અધિકતમ) વાર્ષિક | શૈક્ષણિક વર્ષ ૧૫-૧૬ હેતુ<br>જાહેર આવેદન ની તારીખો | પાત્રતા |
|---|---|---|---|
| **પ્રી-મેટ્રીક સ્કોલરશિપ** | | | |
| ધોરણ<br>કોર્સનું નામ | નિયમિત છાત્ર હોસ્ટલ છાત્ર<br>રૂા. ૧૦૦૦<br>રૂા. ૫૦૦૦ રૂા. ૧૦,૦૦૦ | નવીન અરજી Fresh / નવીનીકરણ અરજી Renewal / અરજીનો પ્રકાર<br>૧ મે થી ૩૧ જુલાઈ / ૧ મે થી ૩૧ જુલાઈ / ઓફલાઈન<br>૧મે થી ૩૧ જુલાઈ / ૧મે થી ૩૧ જુલાઈ / (ધોરણ ૬ થી ૮)<br>ઓનલાઈન (ધોરણ ૯ થી ૧૦) | વિદ્યાર્થીઓના પરિવારની કુલ વાર્ષિક આવક રૂા. ૧ લાખ કે ઓછી |
| **પોસ્ટ-મેટ્રીક સ્કોલરશિપ** | | | |
| ધોરણ ૧૧ તથા ૧૨<br>સ્નાતક, સ્નાતક<br>ડિપ્લોમા<br>આદિ બધા કોર્સ<br>વોકેશનલ (ITI) કોર્સ<br>એમ.ફિલ.<br>પી.એચ.ડી. | રૂા. ૯૩૦૦ રૂા. ૧૦૮૦૦<br>રૂા. ૬૦૦૦ રૂા. ૮૭૦૦<br><br><br>રૂા. ૧૨૩૦૦ રૂા. ૧૩૮૦૦<br>રૂા. ૫૫૦૦ રૂા. ૧૨૦૦૦ | ૧ જુન થી ૧૫ સપ્ટે. / ૧ જુન થી ૧૦ ઓક્ટો / ઓનલાઈન<br>૧ જુન થી ૧૫ સપ્ટે. / ૧ જુન થી ૧૦ ઓક્ટો / ઓનલાઈન | વિદ્યાર્થીઓના પરિવારની કુલ વાર્ષિક આવક રૂા. ૨ લાખ કે ઓછી |
| **મેરિટ કમ મીન્સ સ્કોલરશિપ** | | | |
| બધા તકનીકી તથા વ્યાવસાયિક કોર્સ | રૂા. ૨૫૦૦૦<br>રૂા. ૩૦૦૦૦ | ૧ જુન થી ૩૦ સપ્ટે. / ૧ જુન થી ૧૫ નમ્વેબર / ઓનલાઈન | વિદ્યાર્થીઓના પરિવારની કુલ વાર્ષિક આવક રૂા. ૨.૫ લાખ કે ઓછી |

**અન્ય યોજનાઓ**

- દેશ તથા વિદેશમાં ઉચ્ચ શિક્ષણ હેતુ National Minorities Development & Finance Coropration (NMDFC) ની ઓછા વ્યાજ દર ની લોન યોજના.
- વિદેશમાં ઉચ્ચ શિક્ષા કે પી.એચ.ડી. કરવામાં બ્યાજની વિના કે ભણો પરદેશ યોજના.
- ફ્રી કોચિંગની અનેક યોજનાએ.
- એમ.ફિલ. તથા પી.એચ.ડી. કરવાવાળા ઉમેદવારોને દરમહિને રૂા. ૨૫૦૦૦ થી ૨૮૦૦૦ મળે તેથી મૌલાના આજાદ રાષ્ટ્રીય ફેલોશિપ યોજના.
- ૧૧માં ધોરણની તેજસ્વી વિદ્યાર્થીનિઓ માટે મૌલાના આજાદ સ્કોલરશીપ યોજના.

વધુ જાણકારી માટે સંપર્ક :
E-mail : helpminority@bjsindig.org
**ભારતીય જૈન સંગઠન, પુણે**
(૦૨૦-૪૧૨૦૦૬૦૦, ૪૧૨૮૦૦૧૧, ૪૧૨૮૦૦૧૨/૧૩)

- બધી online અરજી હવે માત્ર www.scholorships.gov.in પર Logon કર શકશે.

**મહત્વપૂર્ણ : સમ્પૂર્ણ દેશમાં ૮૪ પ્રીમિયર સંસ્થાન એવી છે જેમાં ભણતા વિદ્યાર્થીઓને પ્રવેશ તથા શિક્ષણ ફીની પૂરી રકમ સ્કોલરશીપ રૂપે મળે છે. સંસ્થાનોની જાણકારી www.minorityaffairs.gov.in પર ઉપલબ્ધ છે.**


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# નવી મુંબઈ
# સ્નેહ મિલન ૨૦૧૫



શ્રી ક.દ.ઓ. જૈન મંડળ, નવી મુંબઈનું ''સ્નેહ મિલન'' રવિવાર તા. ૫.૭.૨૦૧૫ના રોજ ગુજરાત ભવન, વાશી, મધ્યે યોજાયેલ. જેમાં ઐરોલીથી પનવેલ સુધીના લગભગ ૪૦૦ જાણ એ હાજરી આપેલ.

માનવંતા વડીલો અને કમિટી મેમ્બરો દ્વારા દીપ પ્રજ્વલન કરી કાર્યક્રમનો શુભારંભ કરેલ. ત્યાર બાદ શ્રીમતી નયનાબેન નરેન્દ્ર લાલકાએ એમની આગવી શૈલીમાં નવકારનું પઠન કરેલ. ત્યાર બાદ શ્રીમતી માલતીબેન હરીશ ધરમસીએ સહુને આવકાર આપી સંસ્થાની માહિતી આપી.

ત્યાર બાદ અનુક્રમે આપણી પારમ્પરિક રમતો જેવી કે મટુકડી, ઢોલરાંધ, ૧૨ દાંડિયા અને ધમાલની હરીફાઈ યોજયેલ દરેક બહેનો-ભાઈઓએ પારંપારિક પોશાક સજ્જ થઈ ભાગ લીધેલ. આમંત્રણને માન આપી શ્રી ક.દ.ઓ. જૈન મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા અને પદાધિકારીઓ પધારેલ. એમને આવકાર શ્રી ધનેશભાઈ કેશવજી મોમાયાએ આપેલ. નવી મુંબઈ મંડળના પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ મુરજી શાહ (દંડ)એ શ્રી કલ્પેશભાઈનું બહુમાન કરેલ. માનવંતા મહેમાનોનું અનુક્રમે બહુમાન કમિટી મેમ્બરોએ કરેલ. ત્યાર બાદ કાર્યક્રમના સહયોગી દાતાઓનું બહુમાન કરવામાં આવેલ.

શ્રી ક.દ.ઓ જૈન મંડળ, નવી મુંબઈની નવી સમિતિની રચના કરવામાં આવેલ જેની જાહેરાત શ્રીમતી મીનલબેન ભરત ખોના એ કરેલ. જે નીચે મુજબ છે :

- **પ્રમુખ :** શ્રી ધનેશભાઈ કેશવજી મોમાયા
- **ઉપપ્રમુખ :** શ્રીમતી માલતી હરીશ ધરમશી
  શ્રીમતી મીનલ ભરત ખોના
- **માનદ મંત્રી :** શ્રીમતી કલ્પના દીપક ધરમશી
- **સહ માનદ મંત્રી :** શ્રી ઉમેશ વીરચંદ ધરમસી
- **કોષાધ્યક્ષ :** શ્રી ઉત્તીન પદમશી લોડાયા
- **સહ કોષાધ્યક્ષ :** શ્રી તાત્સુ વીરચંદ ધરમશી

**સમિતી સદસ્ય :**

- શ્રી દિલીપ રાયચંદ નાગડા
- શ્રી કિરણ મણીલાલ દંડ
- શ્રી નીપેશ હીરાચંદ પટેલ
- શ્રીમતી મીરાબેન ગિરીશ લોડાયા
- શ્રીમતી દિવ્યા સમીર મોમાયા

**પેટા કમિટીઓ :**

**ધાર્મિક કમિટી :**

- શ્રીમતી ભાગ્યવંતી હીરાચંદ મેપાણી (કન્વીનર)
- શ્રી અરવિંદ જેઠાભાઈ વિકમશી
- શ્રીમતી ગીતા અવિનાશ ખોના

**સાંસ્કૃતિક કમિટી :**

- શ્રીમતી ચાંદની પરેશ લાલકા (કન્વીનર)
- શ્રીમતી લીના નીતીન કાયાણી
- શ્રી નીલાંજ ભાલચંદ્ર ધરમસી

**યુવા કમિટી :**

- શ્રી દિવેશ યોગેશ શાહ (કન્વીનર)
- શ્રી મેહુલ ચંદ્રકાંત વિન્ઝાણી

**મહિલા મંચ :**

- શ્રીમતી દક્ષા લાજેશ મોતા (કન્વીનર)
- શ્રીમતી ચેતના લહેરચંદ કુરવા
- શ્રીમતી વિપુલા જગદીશ મોતા
- શ્રીમતી જીગ્ના સમીર લોડાયા
- શ્રીમતી હીના ચંદ્રેશ ડાઘા

હરીફાઈના નિર્ણાયક તરીકે શ્રીમતી કાશ્મીરાબેન વીરેન્દ્ર લુઠીયા તથા ચંદ્રિકાબેન ચેતન લોડાયા એ સારી રીતે ફરજ બજાવી. કાર્યક્રમની સફળતામાં ફેસબુક અને વાટસએપ જેવી આધુનિક ટેક્નોલોજી એ મહત્વનો ભાગ ભજવ્યો. ફેસબુક પેજ પર ''ટોપ 5 ફેમીલી ફોટો'' હરીફાઈમાં સહુએ ઉમંગ પૂર્વક ભાગ લીધો અને એમાં શ્રી નીલેશ દેવચંદ લોડાયાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ચાંદની પરેશ લાલકા એ કરેલ. અંતમાં શ્રીમતી કલ્પનાબેન દીપક ધરમસીએ આભાર વિધી કરેલ. અંતે સહુ ભાવતા ભોજનીયાને ન્યાય આપી, ફરીથી જલ્દી જલ્દી મળવાનો કોલ આપી છુટા પડ્યા.

આ કાર્યક્રમને જ્વલંત સફળતા અપાવવામાં શ્રીમતી મીનલબેન ભરત ખોનાનો સિંહ ફાળો રહ્યો. શ્રી ઉત્તીન પદમશી લોડાયા, શ્રી ઉમેશ વીરચંદ ધરમશી તથા અન્યોએ મહેનત કરી સહુને ભેગા થવા પ્રેર્યા અને દાતાઓએ દાનની ગંગા વહાવી. આ કાર્યક્રમની સફળતાનો સંપૂર્ણ શ્રેય જૂની અને નવી ટીમના સહિયારા પુરુષાર્થને આભારી છે.

## સેલના વરસદમાં તમે તણાઈ તો નથી જતાને ?




સેલનું નામ પડે એટલે મહિલાઓના ચહેરા પર ચમકઊપસી આવે. ભલેને વર્ષમાં સત્તર જાતનાં સેલ લાગતા હોય, પરંતુ સેલથી સંતોષ તો ન જ થાય. પરંતુ હવે તો નાના-મોટા સૌ સેલની રાહ જોતા હોય છે. પુરુષો પણ સેલમાંથી શૉપિંગ કરવામાંથી બાકાત નથી. પરંતુ જાણીએ કે આ સેલમાંથી કોને કેટલો ફાયદો થાય છે અને કોને કેટલું નુકસાન ?

**સેલમાં કેટલો સંતોષ? :** માટુંગામાં રહેતી ૧૬ વર્ષની પૂર્વી ખિરાણીને સેલમાં શૉપિંગ કરવું બહુ જ ગમે છે. પૂર્વી આ વર્ષે જ કોલેજમાં પગ મૂકવાની છે અને તેનો નવો વૉડરોબ લગભગ સેટ પણ થઈ ગયો છે. તે કહે છે, ‘સેલમાં હું બહુ બધા પૈસા બચાવી શકું છું. તમારી ફેવરિટ બ્રેન્ડની વસ્તુ તમને અડધા પૈસામાં મળે તો સેલમાંથી શૉપિંગ કેમ ન કરવું ? હું જુલાઈના સેલમાંથી છ-સાત હજારનું શૉપિંગ કરું છુ. જાન્યુઆરીના સેલમાંથી બે-ત્રણ હજારનું શૉપિંગ કરું છું. અફકોર્સ સેલમાં તમને લેટેસ્ટ ટ્રેન્ડની પ્રોડક્ટ્સ ન મળે, પરંતુ સારી બ્રેન્ડ્સના ક્લોથ્સ મળી રહે.

બોરીવલીમાં રહેતા ૨૧ વર્ષના યજ્ઞેશ શાહે ગ્રેજ્યુએશન પૂરું કરીને હાલમાં જ જૉબ શરૂ કરી છે. તે કહે છે, ‘અફકોર્સ સેલમાંથી ફાયદો થાય છે. હું પર્ટિક્યુલર બ્રેન્ડનાં જ કપડાં ખરીદું છું. ગયા વર્ષની સરખામણીના કલેક્શનમાં સરખામણી કરીએ તો કલેક્શન અલગ હતું. મોટા ભાગે સેલમાં જે કલેક્શન હોય એ પાંચ મહિના સુધી એનું એ જ રહે છે. ત્યારબાદ એમાં બદલાવ આવે છે. હું તો માનું છું કે શૉપર્સ સ્ટૉપમાં એકનું એક કલેક્શન આઠેક મહિના સુધી જોવા મળે છે.’

**શૉપિંગઘેલા :** શૉપિંગ પાછળ કોઈ કઈ હદે ઘેલું હોઈ શકે એનાં પણ ઉદાહરણો નવાઈ પમાડે એવાં છે. મલાડમાં રહેતી બાવીસ વર્ષની પ્રિયંકા ક્લેરને શોપોહૉલિક સિવાય કોઈ ઉપનામ ન આપી શકાય. તેની શૉપિંગ કરવાની રીત પણ બીજાથી જુદી છે. તે કહે છે, ‘મને શૉપિંગ કરવું બહુ જ ગમે છે. જ્યારે પણ સેલ હોય ત્યારે હું મૉલમાં પહોંચી જાઉં છું. હું સેલમાં કેટલો ખર્ચ કરું એ નક્કી નથી હોતું, બહુ જ બધા કપડાં અને ઍક્સેસરીઝ ખરીદું છું. મને ફેશન બહુ જ ગમે છે એટલે હું ફેશન-ઈન્ડસ્ટ્રીમાં કામ કરું છું. મારી સાથે અનનેસેસરી ચીજોની ખરીદીની સમસ્યા છે. (હસતાં-હસતાં) ક્યારેક ટ્રાયલ-રૂમ માટે લાંબી લાઈન હોય તો મને જે ગમતો હોય એ ડ્રેસ ટ્રાય કર્યા વગર જ ખરીદી લઉં છું. પછી ઘરે આવીને ટ્રાય કરું તો એ સાઈઝ મારા

## ૩ જી પુણ્યતિથી એ સ્નેહાંજલિ



જન્મ :
તા. ૧૪/૦૮/૧૯૩૯

દેહવિલય :
તા. ૨૭/૦૭/૨૦૧૨

**સાંઘવ રત્ન શેઠ શ્રી મુલજી રાઘવજી લોડાયા** (સાંઘવ - દાદર)

**“જીંદગી મળવી એ નસીબની વાત છે, મૃત્યુ આવવું એ સમયની વાત છે,**
**પણ મૃત્યુ પછી બધાના દિલમાં રહેવું, એ જીવનમાં કરેલા સત્કર્મોની વાત છે”**

**શેઠ શ્રી આપની વસમી વિદાયને સમયની સરીતાના વહેણ સંગાથે ત્રણ વર્ષ વિતી ગયા. દાનવીર સાંઘવ રત્ન શેઠ શ્રી મુલજી રાઘવજી લોડાયાનું આધાર સ્તંભ નેતૃત્વ ગુમાવ્યું છે. એમના ઊંચા કાર્યો કરેલા કદીએ ભુલાશે નહીં. અમોને તેમની ખોટ હંમેશા સાલશે. કોઈપણ પ્રસંગે આપ અમારી પડખે ઊભા રહીને જે હિંમત અને સાંત્વન આપતા તે અમો કદીય ભૂલશું નહીં.**

**હે પરમાત્મા આ ઉચ્ચ જીવને મહાવિદેહમાં ઉંચું સ્થાન પ્રાપ્ત થાય એજ અમારી શ્રધ્ધાંજલિ.**

**MRL GROUP OF COMPANIES નો સમગ્ર સ્ટાફ**

માટે યોગ્ય નથી હોતી. આવું મારી સાથે બહુ બને છે. જ્યાં વધારે રશ હોય ત્યાંથી જ શૉપિંગ કરવાનું, કારણ કે ત્યાં નવું કલેક્શન જોવા મળે છે. બાકી બધે કદાચ કલેક્શનમાં એટલીબધી વરાઈટી ન પણ જોવા મળે.'

થાણેમાં રહેતી ૨૭ વર્ષની હેતલ ભાટિયાને અનલિમિટેડ શૉપિંગ કરવા મળે તો બીજું કંઈ જ ન જોઈએ.



હેતલ કહે છે, હું જરૂર વગરની વસ્તુ લેતી જ નથી. જ્યારે બહુ સારું ડિસ્કાઉન્ટ હોય ત્યારે એક વાર હું એ જગ્યાએ ચક્કર તો મારું જ છું. એવી રીતે ક્યારેક આપણે લલચાઈ જતાં હોઈએ છીએ. વસ્તુ બહુ જ ગમતી હોય અને જરૂર ન હોય તો વિચારું કે ભવિષ્યમાં જરૂર પડશે તો ? એમ કરીને ખરીદી થઈ જતી હોય છે ?

શૉપિંગ મૉલમાં કોઈ પણ વ્યક્તિ સાથે વાત કરીએ કે સેલ કેમ રાખવામાં આવે છે અને કંપનીને કેવી રીતે પરવડે છે તો એક જ જવાબ મળે : ફેશન ટ્રેન્ડ દર ત્રણ કે છ મહિને બદલાતો હોય છે. ચોમાસામાં આ કલેક્શન કાઢવાનું હોય છે. એમાં કંપનીને જ નુકસાન જાય છે. તેઓ તેમની મૂળ કિંમતના અડધા ભાવમાં આ સ્ટૉક કાઢી નાખે છે. ગ્રાહકો અમુક બ્રૅન્ડનાં કપડાં ફ્રેશ અરાઈવલમાં ન ખરીદી શકતા હોય તો તેઓ સેલમાં ખરીદી શકે છે. બ્રૅન્ડને નુકસાન થાય છે તેમ છતાં તેઓ કપડાં તદ્દન નકામાં ન થઈ જાય એટલે વેચી નાખતા હોય છે. જો સેલ ન કરે તો અ કપડાં પછી તેમના વેરહાઉસમાં જ પડ્યાં રહે. એનાથી તેમનું જરા પણ નુકસાન ભરપાઈ ન થાય.

સામાન્ય લોકો એમ માનતા હોય છે કે સેલ ગ્રાહકોને લૂંટવાનો તુક્કો છે. આટલી મોટી બ્રૅન્ડ નુકસાન ખાઈને ગ્રાહકોને ફાયદો પહોંચાડે એવું શા માટે કરે ? આ સેલની માન્યતા અને ગેરમાન્યતા પર રીટેલ નિષ્ણાત નીતિન ધરોડ કહે છે, 'બધી મોટી-મોટી બ્રૅન્ડ તેમની પ્રોડક્ટ પર ૧૦૦થી ૧૨૦ ટકા માર્જિન રાખે છે. માનો કે તેમના એક પીસના રંગ અને સાઈઝને લઈને નવેક પીસ તૈયાર થાય છે. એવા સ્લૉટ આખા ભારતના આઉટલેટમાં જાય છે. એમાંથી જે એક કે બે પીસ બચે એ સેલમાં જાય છે. સેલ રાખે તો પણ તેમને ફાયદો જ થવાનો છે. હવે અમેરિકન બ્રૅન્ડમાં જે સિસ્ટમ હતી એ આવી ગઈ છે. અમેરિકન બ્રેન્ડમાં જે કપડાં બચે એની ડબલ પ્રાઈસ કરીને પછી એને અડધી કરવામાં આવે છે. જોકે અહીં તદ્દન એવું તો નથી. પહેલાંની જે સિસ્ટમ હતી એ એકદમ જેન્યુઈન હતી. જે પ્રોડક્ટ આવતી એના પર પચાસ ટકાનું માર્જિન રાખવામાં આવતું. MRPમાં જે પ્રોડક્ટ વેચાય એમાંથી ૩૩.૩૩ ટકા મળે છે. એમાં વીસ ટકા જેવું પ્રોફિટ ટૅક્સ અને અન્ય પ્રોસસમાં નીકળી જાય. એટલે સામાન્ય દુકાનદારને એક મૅનેજરની સૅલરી જેટલું મહિને હાથમાં આવે. પહેલાં નીતિનિયમો હતા, જેમાં કસ્ટમરનું ધ્યાન રાખવામાં આવતું. માનો કે બ્રૅન્ડને ૧૦૦ કરોડનું રોકાણ હોય તો પણ ૧૦ કરોડનો તો ફાયદો થશે જ. એટલે કંપની કે બ્રૅન્ડ નુકસાનમાં તો નથી જ જતી. પરંતુ એમનો પ્રૉફિટ અપેક્ષા કરતાં ઓછો હોય છે. સામાન્ય વ્યક્તિ બ્રૅન્ડનાં કપડાં ખરીદવા જાય તો એ માનસિક તૈયારી સાથે જાય કે એ જૂનો સ્ટૉક અને જૂની ફૅશનનાં છે.'


જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું
સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે પણ આપણે સંબંધ, સંપત્તિ કે તંદુરસ્તી બાબત દુ:ખનો અનુભવ કરતા હોઈએ છીએ અને એમાંથી બહાર નીકળવા માટે અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ. તમારા દરેક પ્રશ્નના ઉત્તર તમારે જાતે મેળવવા હોય તો ...

વધુ વિગત જાણવા અને સમજવા તથા
પોતાને પગભર થવા.
સંપર્ક :
રૂપલ શાહ - 98339 96477

કાઉન્સીલર, માઈન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઈટીંગ એક્ષ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ ...

તા. ક.: ૬ સેશનમાં ટેરો કાર્ડ શીખો અને નિષ્કર્ષ કે નિર્ણય પર તમારી જાતે પ્હોચો (ગેરન્ટી સાથે).



જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam

જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.

જ્યોતિ હવે માટુંગામાં જ !

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574

## MESSAGE FROM C.D.O. PRAKASH SAMIKSHA SAMITI TO ENTIRE COMMUNITY MEMERS

### સરનામામાં ફેરફાર

માનનીય સબસ્ક્રાઈબર (ગ્રાહકો),

હાલમાં પોસ્ટ ખાતા સાથે ગોઠવણ મુજબ આપના પ્રિય અઠવાડિક પ્રકાશ સમીક્ષાના અંકના છેલ્લાં પાના ઉપર આવેલ સરનામાના લેબલ ઉપર હવેથી ગ્રાહક નંબર લખીને આપવામાં આવેલ છે જેની નોંધ લેશોજી. જ્યારે પણ સરનામામાં ફેરફારની સુચના આપવી હોય તો જુના સરનામાને લખી મોકલવાને બદલે, ગ્રાહક નંબર લખી આપવાથી સરનામાંનો ફેરફાર ઝડપથી નોંધાઈ શકાશે, એટલે આ આપનો ગ્રાહક નંબર અલગથી નોંધી રાખશોજી. જ્યારે પણ સરનામાના ફેરફારની સુચના આપવી હોય ત્યારે નીચે મુજબની માહિતી આપવી અત્યંત જરૂરી છે, જેના વગર ફેરફાર નોંધવામાં વિલંબ થવાનો જ છે.

૧ – ગ્રાહક નંબર અથવા જુનું નામ અને સરનામું (લેબલ મુજબ),
૨ – નવા ગ્રાહક કે જુના ગ્રાહક ભૂતકાળમાં ક્યારે પણ તમારા ઘરે સામાયિક આવતું હોય તો જુના ગ્રાહક લખવું),
૩ – પુરું નામ, તમારી કચ્છી અટક તથા કચ્છ/હાલારનું ગામ ઉદાહરણ : Kirit Khetshi Munvar, Jakhau),
૪ – લેબલ ઉપર જોઈતું નામ (નામ, પતિ કે પિતાની ઈનીશીયલ અને અટક ઉદાહરણ : Kirit K. Shah,
૫ – ૩ લાઈનમાં સરનામું જેમાં વધારેમાં વધારે એક્કજ સીમા દર્શક જગ્યાનું વિવરણ,
૬ – છેલ્લી લાઈનમાં ગામનું નામ, રાજ્ય તથા પોસ્ટલ પીન કોડ.

નંબર ૧, ૨, ૩, ૪ અને ૬ જરૂરથી ધ્યાનથી ભરવા. નવા ગ્રાહકે પણ જુનું સરનામું આપવું. લેબલમાં ફક્ત ૬ લાઈન છે જેમાં પહેલી લાઈન – ગ્રાહક નંબરની, બીજી લાઈન – નામની, પછીની ૩ લાઈન સરનામાની, છેલ્લી લાઈન ગામના નામ, રાજ્ય અને પોસ્ટલ પીન કોડ માટેની છે.

**લવાજમ ભરવા કે જાખના પૈસા મોકલવા અમારા બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Savings |
| Account Number | : | 002001003686 |
| Name of the Bank | : | Shri Arihant Co-op Bank Ltd. |
| IFSC Code | : | ICIC00ARIHT (4 characters followed by Zero Zero and then 5 characters) |
| | : | Total 11 characters. |
| MICR Code | : | 400800003 |
| Name of the Account | : | C D O Prakash Samiksha Samiti |

**For Mobile App Transfer**

| | | |
|---|---|---|
| Our MMID Code | : | 8359036 |
| Our Cell Number | : | 9324618606 |

**You must write separate letter giving payment reference number, amount and date of transfer.**
For Old subscribers - Just give your Subscription Number
For New Subscribers - Give full address as per above guidelines

**લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**
**જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.**
**નવા ગ્રાહકોએ પુરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.**

**For Cheque Payments**
Draw your cheque in the name of **C D O Prakash Samiksha Samiti** and payable at par at Mumbai.

ચેકથી લવાજમ કે જાખના પૈસા ભરનારાઓએ ચેક **C D O Prakash Samiksha Samiti** ના નામથી મોકલવો. ચેક at par મુંબઈનો હોવો જોઈએ.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

આયોજીત

# ૭૫મો (પ્લેટિનમ જયંતિ) સમૂહ લગ્ન મહોત્સવ

**માગસર સુદ ૧૦ રવિવાર, તા. ૨૦-૧૨-૨૦૧૫**

**સ્થળ : મુંબઈ**

**સ્નેહી જ્ઞાતિજનો,**

પરમાત્માની કૃપાએ, વડિલોના અનુગ્રહ અને જ્ઞાતિજનોની ઉદારતાએ
પ્રિત પિયુ ને પાનેતરના ત્રિવેણી સંગમ તથા સાજન-માજન સાથે સમાજના મહાનુભાવો, મહેમાનોના
મંગલ આશિર્વાદ અને સાંનિધ્યમાં

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને પધારવા**
**હાર્દિક આમંત્રણ આપીએ છીએ.**

**ઐતિહાસિક અને જાજરમાન સમુહ લગ્નોત્સવ - ૨૦૧૫ ના બે દિવસીય લગ્ન મહોત્સવમાં આપના પુત્ર/પુત્રીના લગ્નો તા. ૨૦/૧૦/૧૫ સુધી નોંધાવવા માટે ભાવભર્યું આમંત્રણ છે.**



**માગસર સુદ ૯**
**શનિવાર, તા. ૧૯-૧૨-૧૫**
જાનૈયા માનૈયાનું સ્વાગત
સંગીત મહોત્સવ સાથે
દાંડિયા રાસ

**માંગલિક પ્રસંગો**



**માગસર સુદ ૧૦**
**રવિવાર, તા. ૨૦-૧૨-૧૫**
જાનૈયા વરરાજાઓનો સામૈયું,
હસ્તમેળાપ, લગ્ન સમારંભ,
ભવ્ય અભિવાદન સમારોહ



**કાર્યાલય સમય :**

સોમવાર થી શનિવાર બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી

**સમુહ લગ્નોત્સવમાં જોડાવવા ઈચ્છતા પરિવારે ફોર્મ પ્રાપ્ત કરવા તથા ભરી પરત કરવા નીચેના સ્થળે સંપર્ક કરવા વિનંતી.**

કન્વીનર

**અરવિંદ રાયચંદ લોડાયા**
મો.: ૯૮૬૭૦ ૨૫૩૭૫

**ચિમનલાલ દેવજી નાગડા**
મો.: ૯૩૨૨૨ ૨૩૨૩૮

**સમિતિ :** વિપુલ કાંતિલાલ લોડાયા, દિપક ભવાનજી લોડાયા, ચેતન હિરાચંદ નાગડા, હરેશ ખીમજી મોમાયા, કલ્પના દિપક ધરમશી, કમલેશ શિવજી શિયાળ, મયુર મોતિલાલ લોડાયા, હંસા લહેરી લોડાયા, જિગ્ના વિજય છેડા

લિ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી જિનાલય**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ

## ચાતુર્માસિક આરાધનામાં જોડાજો ઉત્સાહભેર

સંવત ૨૦૭૧ આદિનાથ જિનાલયે શ્રી ભાંડુપ જૈન સંઘના આંગણે પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિની સાધ્વી મુખ્યા પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા. ના પરમ વિદૂષી પ.પૂ. સાધ્વીશ્રી પુણ્યોદયાશ્રીજી મ.સા. ના શિષ્યા વ્યવહારકુશલા પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ત્રણનું ભવ્ય ચાતુર્માસ.

**ચોમાસી છઠ્ઠથી કરશું તપસ્યાનો પ્રારંભ, કર્મ નિર્જરા કાજે છોડશું આરંભ સમારંભ**

**અષાઢ સુદ ૧૪-૧૫, તા. ૨૯ અને ૩૦.૭.૨૦૧૫** વીર વાણીનું પાન હોસે મનભાવન, આચરણથી સિમીત થાશે ભવભ્રમણ

**સૂત્ર : ધર્મરત્ન પ્રકરણ, ચરિત્ર : વીરભાણ, ઉદયભાણ**

**શત્રુંજય તપ :** ત્રણ ભુવનમાં તીરથ નહીં એવો, જેની આરાધનાનો લહાવો લેવા જેવો.

આ તપમાં પ્રથમ અઠ્ઠમતપ વચ્ચે સાત છઠ્ઠ કરી છેલ્લે અઠ્ઠમ તપની આરાધના કરવાની રહેશે. કુળ ૨૯ દિવસના આ તપમાં ૯ પારણાના દિવસ આવશે. તો કર્મની ભેખડ તોડવા અને પુણ્યનું ભાથું ભરવા આ તપમાં વિશેષમાં વિશેષ સંખ્યામાં જોડાવવા ખાસ વિનંતી.

**તપનું પ્રારંભ : અષાઢ વદ ૪ સોમવાર, તા. ૩-૮-૨૦૧૫ થી શરૂ**

એકેકું ડગલું ભરે શત્રુંજય સામું જેહ, ઋષમ કહે ભવક્રોડના કર્મ ખપાવે તેહ

ધ્યાન માં જેમ શુક્લધ્યાન, વ્રતો માં જેમ બ્રહ્મચર્ય, પર્વ માં જેમ પર્યુષણ પર્વ તેમ સર્વ તીર્થો માં શત્રુંજય તીર્થ શ્રેષ્ઠ છે. ભાવના, ઈચ્છા હોવા છતાં તીર્થની સ્પર્શના ઘણા લોકો કરી શકતા નથી, માટે આ ચોમાસામાં શંત્રુજયની રચના સમક્ષ ખમાસમણા, ચૈત્ય વંદનો - નામસ્મરણ - ઉપાસના, ૯૯ની વિધી યાત્રા સાથે, એકાસણાંની આરાધના રહેશે. (આઠમના નીવિ, પૂનમ-અમાસના આયંબિલ કરવું.)

**પ્રારંભ : અષાઢ વદ - ૨ શનિવાર તા. ૧.૮.૨૦૧૫**

અક્ષય નિધિ, ચૌદ પૂર્વને સમવસરણ, ભાવ આરાધના કરી, ઉતરશું ભવરણ

જેમાં અનુક્રમે ૧૬, ૧૪, ૧૬ દિવસના એકાસણા રહેશે. પ્રારંભ : શ્રાવણ વદ - ૫ ગુરૂવાર તા. ૩.૮.૨૦૧૫ થી ...

**અઠ્ઠાઈ પર્વ (પર્યુષણ પર્વ) પ્રારંભ : શ્રાવણ વદ ૧૩ શુક્રવાર તા. ૧૧ થી ૧૮/૯/૨૦૧૫ સુધી**

**જ્ઞાન શિબિર સમ્યક્ જ્ઞાનથી થાય જીવન સંસ્કરણ, પધારો જીવનમાં ગુણોનું કરવા અવતરણ**

**બહેનો માટે જ્ઞાન શિબિર**

દર સોમવાર ૨.૩૦ થી ૪.૦૦

દેવસિક ૯૧ પ્રતિક્રમણ, રાઈ પ્રતિક્રમણ સઈ ૯૧

**બાળકો માટે જ્ઞાન શિબિર**

(સ્કૂલ કોલેજમાં ભણતા) રવિવારના ૨.૩૦ થી ૪.૦૦

ગુરૂવંદન-૧૮૦, પૂજા-૫૧, સામયિક-૩૧, પ્રતિક્રમણ-૩૧

**પરમ વિદુષી**

પ.પૂ પુણ્યોદયશ્રીજી મ.સા. ના માસિક ૧૩મી તીથી એ વિરતી ધર્મની આરાધના

અ. સુદ - ૧૩, શ્રા. સુદ - ૧૩, ભા. સુદ - ૧૩, આસો સુદ - ૧૩

**આદિનાથના ભવ ૧૩, માટે ૧૩ ગુરૂવારે** વ્યાખ્યાન સમયે વિવિધ આરાધનાઓ રહેશે.

**વ્યાખ્યાન ૯.૧૫ કલાકે ત્યારબાદ ૧૦.૦૦ કલાકે સામાયિક**

ભાઈઓ માટે દર રવિવારે ૮.૧૫ થી ૯.૧૫ કલાકે સામાયિક

**ૐ હ્રીં અર્હંમના જાપ થી જોડી દો કનેક્શન કરાવશે આપને જબરદસ્ત પુણ્ય કમાઈ કલેક્શન**

૫૧ માળા રોજ ૐ હ્રીં અર્હંમ નમઃ (ઉપાશ્રયમાં) નામ લખાવવા. અથવા ૫ માળા બાંધી નવકારની ૯૯ દિવસ સુધી જાપ કરવો.

**તપથી નાશે કર્મ ચીકણા :** ઉપવાસ - એકાસણા નહીં તો આયંબિલ પરિવારમાં મળીને કરજો. ૩૧/૫૧/૮૪/૧૦૮ આયંબિલ

**ગુરૂવારે સાંજના પ્રભુ ભક્તિ**

ભાવના મંડળ / પૂજા મંડળ / સ્નાત્ર મંડળ / સામાયિક મંડળ દ્વારા દર ગુરૂવારે જુદા જુદા મંડળો દ્વારા ભાવના.

૪ (ચાર) સ્તવન-વધાઈની કોમ્પીટીશન, છેલ્લે સમુહમાં વસ્તુપાળ /તેજપાળ કે કુમારપાળ બની સહુ સાથે આરતી ઉતારવાની.

**પધારો.... પધારો.... ચાર્તુમાસિય ભક્તિના રંગ માં રંગાવો.**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**શ્રી અનંતનાથ દાદાના દરબારે**

**દેવાધિદેવ શ્રી અનંતનાથજી મહારાજ ૨૪ જિનાલય મહાતીર્થની ૧૮૨મી વર્ષગાંઠ**

**આંગણું :** શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ ● **સથવારો :** શ્રી ક.દ.ઓ. મસ્જિદ બંદર જૈન સંઘ

**ત્રિહાન્હિકા મહોત્સવ પ્રારંભ :** અઢાર અભિષેક શ્રાવણ સુદ આઠમ, શનિવાર, તા. ૨૨/૦૮/૨૦૧૫ ● **ધ્વજારોહણ વર્ષગાંઠ :** શ્રાવણ સુદ નોમ, રવિવાર, તા. ૨૩/૦૮/૨૦૧૫ ● **સમેત શિખરની ભાવયાત્રા :** શ્રાવણ સુદ દશમ, સોમવાર, તા. ૨૪/૦૮/૨૦૧૫

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ

### ચાતુર્માસિક આરાધનામાં જોડાજો ઉત્સાહભેર

સંવત ૨૦૭૧ અનંતનાથ જિનાલયે શ્રી મસ્જીદ બંદર સંઘના આંગણે પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિની મીતભાષી પ.પૂ.ચારૂલતાશ્રીજી મ.સા. ના સુશિષ્યા સરળસ્વભાવી પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ. સા. આદિ ઠાણા - ૩ ના ચાતુર્માસ કાર્યક્રમની ઝલક.

| | | |
|---|---|---|
| બુધવાર તા. ૨૨.૦૭.૨૦૧૫ | દ્વિ. અષાઢ સુદ ૭ | પૂજ્યશ્રીનો શ્રી અનંતનાથ જિનાલયે ચાતુર્માસ પ્રવેશ |
| શુક્રવાર તા. ૨૪.૦૭.૨૦૧૫ | દ્વિ. અષાઢ સુદ ૯ | વ્યાખ્યાનની શરૂઆત |
| | | **સુત્ર - ધર્મરત્ન પ્રકરણ - શ્રાવકના ૨૧ ગુણોનું વર્ણન** |
| | | **ચરિત્ર - પેથળશા** |
| રવિવાર તા. ૦૨.૦૮.૨૦૧૫ | દ્વિ. અષાઢ વદ ૩ | બાળકોની પાંચ રવિવારીય શિબિર શુભારંભ |
| રવિવાર તા. ૦૯.૦૮.૨૦૧૫ | દ્વિ. અષાઢ વદ ૧૦ | શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ અનુષ્ઠાન |
| | | સંગીતકાર - શ્રી કૃષ્ણકાંત સામાણીના સથવારે |

(પૂજન દરમ્યાન અનંતનાથ દાદાની ૧૮૨ મી ધ્વજા મહોત્સવ નિમિતે ત્રિહાન્હિકા મહોત્સવ માટેના ધ્વજા આરોહણના વિવિધ ચડાવા લેવામાં આવશે.)

| | | |
|---|---|---|
| રવિવાર તા. ૧૬.૦૮.૨૦૧૫ | શ્રા. સુદ ૨ | શ્રી નવકાર મંત્રના જાપ, વિધિકાર હર્ષ દેઢિયા |
| મંગળવાર તા. ૧૮.૦૮.૨૦૧૫થી | શ્રા. સુદ ૪ થી | અઠ્ઠમ તપ |
| ગુરૂવાર તા. ૨૦.૦૮.૨૦૧૫ | શ્રા. સુદ ૬ | |
| શનિવાર તા. ૨૨.૦૮.૨૦૧૫ | શ્રા. સુદ ૮ | શ્રી અનંતનાથ દાદાની ૧૮૨ મી વર્ષગાંઠ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ સર્વેને પધારવા વિનંતી. |
| | | શુભ નિશ્રા : યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. |
| | | અઢાર અભિષેક - સવારના ૯.૦૦ કલાકે |
| રવિવાર તા. ૨૩.૦૮.૨૦૧૫ | શ્રા. સુદ ૯ | દાદાની ધ્વજા - સાધર્મિક ભક્તિ |
| સોમવાર તા. ૨૪.૦૮.૨૦૧૫ | શ્રા. સુદ ૧૦ | સમેતશીખરની ભાવયાત્રા |
| રવિવાર તા. ૩૦.૦૮.૨૦૧૫ | શ્રા. વદ ૧ | અષ્ટાપદ તીર્થની ભાવયાત્રા |
| રવિવાર તા. ૦૬.૦૯.૨૦૧૫ | શ્રા. વદ ૮ | ૬૭ તીર્થ પૂજન |
| શુક્રવાર તા. ૧૧.૦૯.૨૦૧૫ થી | શ્રા. વદ ૧૩ થી | **પર્યુષણ મહાપર્વ** |
| શુક્રવાર તા. ૧૮.૦૯.૨૦૧૫ | ભા. સુદ ૫ | |
| મંગળવાર તા. ૧૯.૦૯.૨૦૧૫ | ભા. સુદ ૬ | તપસ્વીઓના સામુહિક પારણા |
| બુધવાર તા. ૩૦.૦૯.૨૦૧૫ | ભા. વદ ૩ | દેશાવગાસિક સામાયિક |
| ગુરૂવાર તા. ૦૧.૧૦.૨૦૧૫ | ભા. વદ ૪ | શ્રી ૨૪ તિર્થંકર પૂજન |
| શુક્રવાર તા. ૦૨.૧૦.૨૦૧૫ | ભા. વદ ૫ | શ્રી નમિઉણ પૂજન |

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

**ખાસ સભા**

**ખાસ સભા**

- મુંબઈ મહાજનશ્રીની એક ખાસ સભા શ્રાવણ સુદ ૯ ને રવિવાર, તા. ૨૨/૦૮/૨૦૧૫ના સવારના શ્રી અનંતનાથજી મહારાજ જિનાયલ, મસ્જિદબંદરમાં ધ્વજારોહણ દરમ્યાન એકત્ર થશે, જેમાં નીચે મુજબ કાર્યસૂચી હાથ ધરાશે.
- શ્રી પર્યુષણ પર્વ દરમ્યાન શ્રી કલ્પસૂત્ર (પોથી) ઘરે પધારાવવાના ઘૃતની ઉછામણી બોલાવી આદેશ આપવામાં આવશે. ઉત્સાહભેર લાભ લેવા વિનંતી.

એજ લી. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈવતી**

**રમેશ લોડાયા** - માનદ્ મંત્રી     **ચેતનકુમાર મોમાયા** - માનદ્ મંત્રી

નોંધ : જે કોઈ ભાગ્યશાળી પરામાંથી પોથી પધરાવવાનો લાભ લેશે. તેને જાગરણ માટે મહાજનથી દ્વારા વ્યવસ્થા કરી આપવામાં આવશે.

## સિટિઝન ચાર્ટર વેબસાઈટ પર મૂકવામાં આળસ કરનાર RTI બાબુઓને કાયદાએ બરાબરના ફટકાર્યા

સરકારી વિભાગો, ઉપક્રમો તથા જાહેર સંસ્થાનોએ નાગરિક સનદ બનાવી એને વેબસાઈટ પર મૂકવી ફરજિયાત છે. નાગરિકના તથા ઉપભોક્તાના અધિકારોને બાબુઓની સમયબદ્ધ જવાબદારીને ઉજાગર કરતો એ મહત્ત્વનો દસ્તાવેજ છે. વધુમાં વધુ પારદર્શકતા એનો હેતુ છે.

**સિટિઝન ચાર્ટર દ્વારા શી માહિતી મળી શકે ?** ૧. વિભાગનો ધ્યેય અને હેતુ તથા એનું કાર્યક્ષેત્ર. ૨. વિભાગના અધિકારીઓના ઊતરતા ક્રમમાં નામ -હોદો તથા જવાબદારીઓનું વિવરણ. ૩. ઉપભોક્તાના વિવિધ અધિકારો. ૪. ઉપભોક્તાની ફરિયાદ નિવારણની પ્રક્રિયા તથા નિશ્ચિત સમય-સારિણી ૫. વિભાગની વિવિધ યોજનાઓ. ૬. વિભાગ સંચાલન તથા કાર્યવાહીની નિયમાવલિ. ૭. ઉપભોક્તાની ફરિયાદનો સંતોષકારક નિવેડો ન આવે તો ઊપરી કાર્યાલય તથા એના વરિષ્ઠ અધિકારીનું નામ-હોદ્દો, સરનામું તથા સંપર્ક-નંબર RTI ની દરેક અરજીમાં સંબંધિત વિભાગનું સિટિઝન ચાર્ટર માગવાની વિશદ માહિતી મળશે તથા બાબુઓ પર દબાણ નિર્માણ થશે.

સાંતાક્રુઝ (વેસ્ટ)માં રહેતા હસમુખરાય હરગોવિંદદાસ પારેખની વિટંબણાની આ વાત છે. હસમુખભાઈ જે સોસાયટીમાં રહે છે એ સોસાયટીના સંચાલનમાં પારદર્શકતાના અભાવને કારણે એક જાગ્રત નાગરિકના નાતે તેમનો સોસાયટી સાથે વિવાદ હોવાને કારણે તેમના પુત્ર અજયે કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટીના ડેપ્યુટી રજિસ્ટ્રાર પાસેથી સોસાયટી વિશેની માહીતી માગી જે રજિસ્ટારે આપવી જોઈતી હતી, પરંતુ 'કાય દ્યા, આણિ ઘ્યા'ના ભ્રષ્ટ્રાચારના પાયા પર કાર્યરત બાબુઓએ માહિતી આપવાની દરકાર ન કરી. લેખિત ફરિયાદ તથા અંગત મુલાકાતોની બહાનાબાજીના બાદશાહો પર એની કોઈ અસર થઈ નહીં.

અજયભાઈને બાબુઓની ચાંચિયાગીરીનો અનુભવ હતો, કારણ કે તેઓ તરુણ મિત્ર મંડળ સંચાલિત RTI કેન્દ્ર-દાદરના સક્રિય અને ઉમદા કાર્યકર છે. રજિસ્ટાર કાર્યાલયના ઉપભોક્તા હોવાને નાતે તેમના અધિકારો બાબુઓની સમયબદ્ધ જવાબદારીની માહિતી મેળવવા તેમણે સિટિઝન ચાર્ટર એટલે કે નાગરિક સનદની માગણી કરી. બાબુઓનાં મોઢાં પર મોટું આશ્ચર્યચિહ્ન દેખાયું. નાગરિક સનદ એ વળી કઈ બલાનું નામ છે ? નો પ્રતિપ્રશ્ન બાબુઓએ પૂછ્યો.

અજયભાઈએ અબુધ બાબુઓએ નાગરિક સનદ વિશેની માહિતી આપી અને કહ્યું કે દરેક સરકારી-અર્ધ સરકારી વિભાગો-ઉપક્રમો તથા જાહેર સંસ્થાનોએ એ બનાવવું જરૂરી છે તથા માગણી કરવાથી ઉપભોક્તાઓને એ આપવું ફરજિયાત છે એટલું જ નહીં, દરેક કાર્યાલયે પોતાની વેબસાઈટ પર એ મૂકવૂં આવશ્યક છે. 'આવો કોઈ દસ્તાવેજ અમારી પાસે નથી. કાર્યાલયના બીજા વિભાગમાં તપાસ કરીને આપીશું' એવી બહાનાબાજીનો દોર શરૂ થયો.

આવું થશે એની સુપેરે જાણ હોવા છતાં અને બાબુઓને સમય આપવો જરૂરી હોવાથી એમ કરવામાં આવ્યું. RTI (રાઈટ ટુ ઈન્ફર્મેશન)નો કાયદો આજના યુગનું નાગરિકના હાથમાં આવેલું બ્રહ્માસ્ત્ર છે. યુદ્ધમાં બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કરતાં પહેલાં 'સાવધાન'નો ઘોષધ્વનિ કરવો જરૂરી છે એમ RTI કાયદાના ઉપયોગ પહેલાં લેખિત ફરિયાદ કરવામાં આવે છે. કાયદાની રૂએ એ જરૂરી નથી, પરંતુ અનુભવે એવું પ્રતિપાદન થાય છે કે એમ કરવાથી ધાર્યું પરિણામ મેળવી શકાય છે.

તા. ૦૯-૦૭-૨૦૧૩ના રોજ RTI કાયદા હેઠળ પ્રથમ અરૂજી કરી અને

૧. સિટિઝન ચાર્ટર તથા એને વેબસાઈટ પર અપલોડ કરવાની માગણી કરવામાં આવી.

૨. જો સિટિઝન ચાર્ટર ઉપલબ્ધ ન હોય તો એ માટે નોંધાયેલા કારણોની માગણી કરવામાં આવી.

૩. સિટિઝન ચાર્ટર બનાવવા તથા વેબસાઈટ પર અપલોડ કરવા માટેના જવાબદાર અધિકારીનું નામ તથા હોદાની વિગતો માગવામાં આવી.

૪. જો સિટિઝન ચાર્ટર બનાવવામાં જ ન આવ્યું હોય તો કસૂરવાર અધિકારી પર લેવામાં આવેલાં શિક્ષાત્મક પગલાંની માહિતી માગવામાં આવી.

૨૯-૦૭-૧૦૧૩ના રોજ પ્રાપ્ત થયેલા પત્ર દ્વારા જન માહિતી અધિકારીએ બેહૂદો અને બેશરમીભર્યો જવાબ આપ્યો કે આપની RTI અરજીમાં આપે પ્રશ્નો પૂછ્યો છે જે RTI કાયદાની કલમ-બે હેઠળ પ્રતિબંધિત છે એથી નકારવામાં આવે છે. ક્લાસ-વનનો અધિકારી જ્યારે આવો જવાબ આપે તો તેનાથી નિમ્ન કક્ષાના

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાઓસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

અધિકારી અને કર્મચારીઓ પાસેથી શી અપેક્ષા સેવી શકાય ?

ઉપરોક્ત અણઘડ જવાબથી હતપ્રભ થયેલા અજયભાઈએ ૧૪-૮-૨૦૧૩ના રોજ RTI કાયદા હેઠળ પ્રથમ અપીલ દાખલ કરી. અપેલેટ અધિકારીએ ૦૨-૦૯-૨૦૧૩ના રોજ સુનાવણી મુકરર કરી. બહુધા અપેલેટ અધિકારી એ જન માહિતી અધિકારી (PIO) નો ઉપલી કક્ષાનો અધિકારી હોય છે. આથી સુનાવણીની તારીખ મુકરર કરતાં પહેલાં PIO ની ઉપલબ્ધતા અને અનુકૂળતા જાણી લે છે. એમ કરવામાં કાંઈ અજુગતું પણ નથી, જો સુનાવણી એ અરજીની તારીખથી ૩૦ દિવસની અંદર હોય. બન્યું એવું કે ૦૨-૦૯-૨૦૧૩ની સુનાવણીની જાણ કરતા પત્રની તારીખ હતી ૦૫-૦૯-૨૦૧૩ જે પત્ર અપીલકર્તાને ૧૭-૦૯-૨૦૧૩ના રોજ મળ્યો. એનાથી PIO અને ફર્સ્ટ અપેલેટ ઑફિસર (FAA) ની સાઠગાંઠ ઉજાગર થઈ. FAA એ સુનાવણી મુકરર દિવસે યોજીને, PIOને મુદાસર જવાબ પંચાવન દિવસમાં આપવાનો હુકમ કર્યો. આ ૧૫ દિવસના ગાળામાં જે બન્યું હોય એ, PIO એ સિટિઝન ચાર્ટરની કૉપી મુદાસર જવાબ સાથે મોકલાવી આપી.

અજયભાઈને તો સિટિઝન ચાર્ટર મળી ગયું. તેમનું કામ થઈ ગયું, પરંતુ કાર્યાલયની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યું જ નહીં એથી સાર્વજનિક હિતને ધ્યાનમાં રાખતાં તેમણે ૧૧-૧૨-૨૦૧૩ના રોજ માહિતી આયોગમાં RTI કાયદા હેઠળ દ્વિતીય અપીલ ફાઈલ કરી. એની સુનાવણી ૨૭-૧૨-૨૦૧૩ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના ચીફ ઈન્ફર્મેશન કમિશનર રત્નાકર ગાયકવાડ સમક્ષ થઈ. દક્ષ અને જાંબાઝ આયુક્તે બહુ સરસ ચુકાદો આપ્યો. એમાં તેમણે નોંધ્યું હતું કે RTI કાયદા હેઠળ દરેક સાર્વજનિક સંસ્થાને પોતપોતાની વેબસાઈટ પર સિટિઝન ચાર્ટર મૂકવું જરૂરી છે જેનાથી કાર્યવાહીમાં અધિકમાં અધિક પારદર્શકતા અને ઉત્તરદાયિત્વનું નિર્માણ થાય અને એનાથી ભ્રષ્ટાચાર પર અંકુશ લાવી શકાય. એટલે અપીલકર્તાએ સાર્વજનિક હિતના ઉપલક્ષમાં માગણી કરી હોય એ કાર્ય કરવું જરૂરી છે. ખરેખર તો આ માહિતી પોતે અપલોડ કરવી જરૂરી હતી એથી RTI કાયદાના અધિનિયમ કલમ-૧૯ (૮) (૩) હેઠળ સહકાર આયુક્ત તથા સહકારી રજિસ્ટ્રારને હુકમ કરવામાં આવે છે કે ૩૧-૦૧-૨૦૧૪ પહેલાં RTI કાયદા હેઠળની સર્વ માહિતી તથા સિટિઝન ચાર્ટર વેબસાઈટ પર મૂકી દેવામાં આવે તથા આ આદેશની પરિપૂર્તિનો અહેવાલ રાજ્ય માહિતી આયોગને ૩૧-૦૧-૨૦૧૪ સુધીમાં મોકલવામાં આવે.'

આમ નામદાર આયુક્તે, બેજવાબદાર અધિકારીઓને નસિયત આપી.

આમ RTI કાયદાના યથાયોગ્ય ઉપયોગથી અજયભાઈએ દક્ષતાથી 'બહુજનાય-બહુહિતાય'નું કાબિલેદાદ કાર્ય પરિપૂર્ણ કર્યું.

# ભાવભીની શ્રધ્ધાંજલી



સદાય **સરલ** ને **સ્નેહ** ભર્યુ જીવન જીવ્યા,
દિલમા ધર્મ ની **જ્યોતિ** જલાવતા રહ્યા,
પરોપકારથી **હીના** ની ખુશબુ ફેલાવતા રહ્યા,
**નીલી** વાડીમાં સદાય **મયુર** ની જેમ ટહુકતા રહ્યા,
**હીરા** ની જેમ **દીપી**
ધર્મના **સિધ્ધાંતો** સિખવાડી **હંસલો** મહાવિદેહ માં ચાલ્યો ગયો
પ્રભુ એમનીઆત્માને શાંતી અર્પે
અમારી લાખેણી માંના ચરણોં માં અમારા લાખ લાખ વંદન

## સ્વ.માતુશ્રી પુષ્પાબેન હંસરાજ ચત્રભોજ ખોના

જન્મ તા: ૦૨-૧૨-૧૯૩૩ (કોઠારા - વાપી) અરિહંત શરણ તા: ૦૮-૦૬-૨૦૧૫

**સ્વ.માતુશ્રી લક્ષ્મીબેન દામજી ધુલ્લા (સુથરી) ના દિકરી**

સહ પુષ્પાંજલિ

પુત્ર-પુત્રવધુ
**દિપ્તી મયુર હંસરાજ ખોના** (કોઠારા)

પુત્રી-જમાઇ
**સરલા લાલજી લોડાયા** (વારાપધ્ધર)
**સ્નેહલતા કલ્યાણજી મોમાયા** (જખૌ)
**જ્યોતિ બિપીન દૌલત** (સુથરી)
**સ્વ. હીના હંસરાજ ખોના** (કોઠારા)
**નિલમ વિજય મૈશેરી** (નાની સિંઘોડી)

પૌત્રી-જમાઇ
**હિરલ પરિન છેડા** (બિદડા)

પૌત્ર
**સિધ્ધાર્થ મયુર ખોના** (કોઠારા)

## રણમાં વીરડી જેવી સંસ્થા રાપર જિલ્લામાંનો નિલપર આશ્રમ

ગાંધીમૂલ્યોને વરેલી આ સંસ્થાની સ્થાપના અગ્રણી સામાજિક કાર્યકર - ગાંધીવિદ્ સ્વ. મણિભાઈ સંઘવીએ ૧૯૭૮માં કરી હતી. એક બે ઝુંપડી, વેચન ભૂમિ ને ખડકાળ પ્રદેશમાં આરંભાયેલું આ યજ્ઞકાર્ય આજે પાંત્રીસ વર્ષે એટલું તો ફૂલ્યું ફાલ્યું છે કે સોનટેકરી નામે ઓળખાતું આ સંસ્થાનું નયનરમ્ય પરિસર ખરા અર્થમાં સોનું (ઉત્તમ નાગરિકો) ઊપજાવનારું બની રહ્યું છે. શ્રી સુનીલ શિશુ શાળા, શ્રી નાનાલાલ વોરા વિનયમંદિર, ઉ. બુ. વિદ્યાલય અને શ્રી બક્ષીપંચ આશ્રમશાળા વલ્લભપુરમાં આશરે પાંચેક સો એટલા બાળકો અહીં જીવન ઘડતરનું શિક્ષણ મેળવી રહ્યા છે.

કચ્છમાં મેઘરાજા મહેરબાન નથી તેથી જળસંકટની સાથોસાથ અબોલ પ્રાણીઓ માટે ચારાના પ્રશ્નો પણ ઊભા થયા છે. લીલા ચારાના ભાવ વધી ગયા હોવાથી સંસ્થામાં ચલાવવામાં આવતી શ્રી રવિશંકર મહારાજ ગૌશાળાની ગાયોને ચારાની મુશ્કેલી સર્જાઈ. આ નકુલભાઈ ભાવસારે બાળકો સમક્ષ વાત કરીને સમજાવ્યું કે તમે શ્રમ કરીને પણ ગાયોને ચારાનું દાન કરી શકો છો. સ્વેચ્છાએ છોકરાઓની ટીમ તૈયાર થઈ, રેતીના ટ્રેક્ટર ભરી તેમાંથી મળેલ મજુરીના પૈસાથી વિદ્યાર્થીઓએ ગાયો માટે લીલો ચારો ખરીદ્યો. સંસ્થાની બાલિકાઓ પણ આ શ્રમદાનના સિદ્ધાંતને સમજી આ કામમાં સહભાગી થઈ. આ બાળકોમાંથી મોટા ભાગનાના વાલીઓના પૂર્વજો શિકારી વૃત્તિ ધરાવતા હતા. પશુ પક્ષીનો શિકાર કરવો એ જેમને મન સહજ હતું. તેમના બાળકો જીવદયાના કાર્યો કરતા થયા છે. ગાયો માટે કેટલો ચારો આવ્યો એ અગત્યનું નથી. અગત્યનું એ છે કે આ બાળકોમાં દયા, કરૂણા, દાન જેવા ઉમદા ગુણોનું બીજોરાપણ થયું.

અહીં રહેતા બાળકો મોટેભાગે સામાન્ય આર્થિક સ્થિતિવાળા હોય, સંસ્થા દ્વારા ઓછામાં ઓછી ફી રાખવામાં આવે, પણ કેટલાક વાલીઓ તો એટલો અર્થભાર પણ ન ઉપાડી શકે તો તેવા વિદ્યાર્થીઓને દાખલ કરવાની ના ન પાડી દેવાય. એ બાળક જો મોટા હોય તો શ્રમ કરીને એટલે ટ્રેક્ટર ભરીને વળતર કરી આપે એટલે ફી ભરપાઈ થઈ જાય. પણ એકલો વિદ્યાર્થી ક્યારે ટ્રેક્ટર લાકડા કાપી લે, માટે તેના દસ-બાર સાથીમિત્રો તેની મદદે આવે ને રવિવારની કોઈ સાંજે ભરેલા ટ્રેક્ટર સાથે ગૌરવભેર બાળકો પરત ફરે ત્યારે જેની ફી ભરપાઈ થઈ ગઈ હોય તેના ચહેરા પર જાત-મહેનતે ભણવાનો આનંદ હોય તો તેના સાથીઓના હૈયા પોતાના મિત્રના ભણતર માટે સહભાગી થયાના સંતોષથી છલકતા હોય. સ્વાવલંબનની તાલીમની સાથોસાથ કોઈને મદદરૂપ થવા માત્ર પાસે પૈસા હોવા જ જરૂરી નથી. આ રીતે પણ કોઈના વિકાસની ઈમારતમાં બે ઈંટ મુકી શકાય તેની આડકતરી તાલીમ બાળકોને જીવનભર માટે મળી જાય.

અહીં બાળકોને પ્રકૃતિ સાથે અનુબંધિત કરવા તેમના દ્વારા જ વૃક્ષ રોપાવવામાં આવે, છોડ સાથે જે-તે બાળકના નામનું પીંજરું મૂકી દેવામાં આવે. એ છોડને ઉછેરવાની જવાબદારી જે તે બાળકની. સાવ નાના બાળકો મોટેરા બની નાના ભાઈ-બહેનની જેમ વૃક્ષને ઉછેરે. પોતે ઉછેરેલા વૃક્ષની ડાળખી કાપતા આ બાળકનો જીવ સહેજે ન ચાલે. આજે સંસ્થામાં લહેરાતા મોટા ભાગના વૃક્ષો આ રીતે બાળ સંભાળથી પાંગરેલા છે. પાણીની અછતવાળા આ વિસ્તારમાં બાળકો સવારે ઝાડ પાસે દાતણ કરીને ઝાડને પોષવાની ભાવના વ્યક્ત કરે ત્યારે કોઈપણ જાતના નામ વગર થતાં પ્રકૃતિના આ સંવર્ધન માટે માન ઊપજી આવે છે.

બાળકો અહીં અભ્યાસનિયત શિક્ષણ તો ઉત્તમ રીતે મેળવે પરંતુ અહીં તેથી પણ વધુ ભાર મૂકાય મૂલ્યલક્ષી શિક્ષણ પર. સદ્વર્તનની સૂક્ષ્મ તાલીમ અહીં અપાય. તાજેતરમાં દસમા ધોરણના વિદ્યાર્થીઓને ભગવાન પર પત્રો લખાવવામાં આવ્યા. દસમા ધોરણમાં પાસ કરાવવાની પ્રાર્થના તો હોય જ પણ સૌએ એ પણ લખ્યું હતું કે ભગવાન મારા બધા જ ભાઈ-બહેનોને મદદ કરજે, સબુદ્ધિ આપજે. 'સૌનું કરો કલ્યાણ, દયામય સૌનું કરો કલ્યાણ' જેવી પ્રાર્થના અહીં

### જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

ફળીભૂત થતી જણાય.

સંસ્થામાં રહેતી સાવ નાની-નાની બાળાઓ પણ હળી-મળીને રહે. ક્યારેક પણ મા-બાપ યાદ આવે છે એવી કોઈ ફરિયાદ ન કરે. એકબીજાને સાચવે.

અહીં અભ્યાસ કરતા બાળકો વ્યસનમુક્ત થાય તે માટે પણ ઘણા પ્રયત્નો કરવામાં આવે છે. આ સંદર્ભની ફિલ્મો, નાટકો બતાવવામાં આવે. વ્યસનમાં થતા ખર્ચની લાંબી ગણતરી કરી બતાવી લાંબા ગાળે થતાં આર્થિક, શારીરિક, સામાજિક ગેરલાભથી માહિતગાર કરાય. આ જાગૃતતા કાર્યક્રમને લીધે આ વર્ષે ૨૭ જેટલા બાળકોએ આજીવન વ્યસનમુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી છે.

અહીં સવાર-સાંજ સર્વધર્મ પ્રાર્થના કરવામાં આવે. પ્રાર્થનામાં સકારાત્મક અને પ્રેરક હોય તેવા સમાચારોનું વાંચન કરવામાં આવે. વાર્તાઓ દ્વારા મનોરંજનની સાથોસાથ સંસ્કારસિંચનનું કામ પણ અહીં ધીમી ધારે થતું રહે. મા-બાપ, વડીલો પ્રત્યે આદર કેળવવાની તાલીમ પણ અહીં અપાય.

શ્રમને અભ્યાસના એક ભાગ રૂપે જ અહીં ગોઠવવામાં આવે. સાફ-સફાઈ, દૂધ વિતરણ, ગૌશાળાનું કામ, ખેતીકામ વગેરે કામ વારાફરતી આ બાળકો જ કરે. અહીંના બાળકોને બધા જ પ્રકારની તાલીમ અપાય જેથી તે જીવનમાં ક્યાંય પાછા ન પડે. સામાન્યથી સામાન્ય કામ પણ બાળકો હોંશે હોંશે કરે છે. નાની નાની બાળાઓ લીંબોળીની મોસમમાં નવરાશની પળોમાં હોંશે હોંશે લીંબોળી વીણે. ત્રણ રૂપિયે કિલો એવી બસ્સો કિલો લીંબોળી આ વર્ષ બાળકોએ વેંચી. આવા કાર્યો દ્વારા ઉપજેલી રકમ વિદ્યાર્થી કલ્યાણ કોષમાં જમા થાય અને એ રકમ પછી વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિમાં વપરાય. તો ક્યારેક વળી આવી રકમમાંથી સંસ્થા-ઉપયોગી કોઈ સાધન લેવામાં આવે જેથી તેનું કાયમી સંભારણું બની જાય.

કચ્છમાં અવારનવાર કુદરતી આફતો આવતી રહે છે. જ્યારે સંદેશા-વ્યવહાર ને વાહન-વ્યવહાર ઠપ થઈ જાય ત્યારે આવી કુદરતી આપદાની વેળાએ પગપાળા સ્થળાંતર કરી શકે તેવો વિશ્વાસ જગાવવા સંસ્થાથી ૨૪-૨૫ કિ.મી. દૂર આવેલા રવેચી, મોમાયમોરા જેવા ધાર્મિક સ્થળોના પગપાળા પ્રવાસો ગોઠવવામાં આવે. પોતે આટલું ચાલી શકે છે તેવો વિશ્વાસ તો મળે જ સાથોસાથ સહપ્રવાસનો આનંદ પણ ખરો.

આ વિસ્તારમાં મોટે ભાગે તળાવે ન્હાવા કે કપડા ધોવા જવાનું થાય. બહેનો કોઈ કારણસર તળાવમાં ડૂબી ન જાય તે માટે અહીં બાલિકાઓને નાનપણથી તરણવિદ્યા પણ શીખવવામાં આવે. બાળકો નિર્ભય બેન અને તેમની તર્કશક્તિ વધે તે માટે રાત્રિ વેળાએ 'ચાલો-પાલો' જેવી રમતો રમાડવામાં આવે. બીજી બધી રમતોમાં પણ અહીંના બાળકો અવ્વલ. આ વર્ષે બસ્સોમાંથી એંસી બાળકો રાજ્યકક્ષાની રમતગમતની વિવિધ સ્પર્ધાઓ સુધી પહોંચ્યા છે.

ફંડના પ્રશ્નોને લીધે મુશ્કેલી ચાલતી હોવા છતાં સંસ્થા આ બાળકોના વિકાસ માટે ખર્ચ કરતાં સહેજે અચકાતી નથી.

અહીં નવરાત્રિ, રક્ષાબંધન, ધૂળેટી જેવા પર્વો ખૂબ જ ભાવપૂર્વક અને આપણી સંસ્કૃતિ ઉજાગર થાય તે રીતે ઉજવવામાં આવે છે. સંચાલકોના માર્ગદર્શન હેઠળ બધી જ વ્યવસ્થાઓ બાળકો કરે છે જેથી તેમને તાલીમ પણ મળે છે.

આ સંસ્થાના બાળકો આજુબાજુના ધાર્મિક સામાજિક સ્થળોએ મદદરૂપ થવા જાય. કોઈના પરિસરની સફાઈ હોય કે ક્યાંક ભોજન વ્યવસ્થામાં મદદરૂપ થવાનું હોય બાળકો હંમેશા તૈયાર. આવા કાર્યોની કેવી અસર થાય છે તેનું જ્વલંત ઉદાહરણ ત્સુનામી વખતે મળ્યું. તામિલનાડુમાં આવેલ ત્સુનામી વખતે ગુજરાતમાંથી મદદઅર્થે ગયેલ ટુકડીઓમાં પ્રથમ હતી ગ્રામ સ્વરાજ સંઘની ટુકડી. ૩૪ વ્યક્તિઓની આ ટુકડીમાં ૨૨ તો આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હતાં, જે સ્વેચ્છાએ જોડામાં હતાં.

અહીંની બીજી એક ખાસ વિશેષતા ગણાવવી હોય તો એ છે કાર્યકરો પ્રત્યેની પારિવારિકતાની ભાવના. દરેક કાર્યકરની બીમારી, અકસ્માત, લગ્ન કે બાળકોના શિક્ષણ જેવા મુદ્દે સંસ્થા કાયમ તેમની પડખે ઊભી હોય કાર્યકરોના બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે મોટી રકમ ચૂકવીને પણ તેમને ભણવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આવી સંસ્થામાંથી અભ્યાસ પ્રાપ્ત કરી સમાજમાં ગયેલા બાળકોમાં કેવો બદલાવ દેખાય છે એવા પ્રશ્નના જવાબમાં આચાર્ય નકુલભાઈ ભાવસારે નમ્રભાવે જે બે-ત્રણ ઉદાહરણ આપ્યા એક દિવસ મુંબઈથી પોપટભાઈ વાકુ-શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીનો ફોન આવે છે ને કહે છે, 'સાહેબ આપનો ખૂબ ખૂબ આભાર. સોનટેકરીની તાલીમને લીધે આજે હું ચાર દુકાનનો માલિક બન્યો છું.'

'એમ ને, તો પછી!' કહી જશ ખાટી લેવામાં ન માનતા નકુલભાઈ પૂછે છે, 'એ વળી શી રીતે?' તે કહે છે, 'મેં બે થી ત્રણ વર્ષ ફૂટપાથ પર સૂઈને વિતાવ્યા છે. જાજરૂ જવાની સગવડથી માંડીને રાત્રિ-નિવાસ જેવા અનેક પ્રશ્નો મારા માટે ખૂબ મોટા ઉડકાર રૂપે આવતા, પણ આપે ગૌશાળામાં કામ કરાવેલું, ચારો વઢાવેલો, ટ્રેક્ટરથી કામ કરાવેલું, સ્વચ્છતાના પાઠો ભણાવેલા, તળાવો તરાવ્યા હતા ને ડુંગરોમાં રખડાવ્યા હતા તે તે દ્વારા જે તાલીમ મળી હતી એ અહીં ખૂબ કામ લાગી તેથી હૂં મારી મુંબઈની શરૂઆતની અત્યંત વિકટ પરિસ્થિતિમાં ટકી રહ્યો અને અત્યારે આ સ્થાન પામ્યો.'

સામાન્યતઃ સૌ ફળદ્રુપ જમીનમાં બીજ રોપે છે. જ્યાંથી તેમને ઉત્તમ ફળ મળી શકે. તેમના કાર્યનું પરિણામ તરત દેખાડી શકાય, પણ અહીં તો વેરાનભૂમિને ખેડનારા ખેડૂતો કામ કરે છે. ઉજજડ વગડાને મધુવન બનાવવાની નેમ લઈને કામ કરતા આવી સંસ્થાઓ જૂજ જ હોય છે.

(સંસ્થાની વિગત-ગ્રામ સ્વરાજ સંઘ, સોનટેકરી, પ્રો. નીલપર, તા. રાપર-કચ્છ-૩૭૦૧૬૫. ફોન : ૦૨૮૩૦-૨૯૩૦૧૩)

- નકુલભાઈ ભાવસાર - મો.: ૦૯૮૨૫૦૧૪૦૭૪


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com

ગુરૂપૂર્ણિમા નિમિત્તે ધર્મના માર્ગે ચાલવાનો સંકલ્પ કરનારા બધા સાધુઓ, ધર્મના માર્ગને સમજનારા - સમજાવનારા ઉપાધ્યાયશ્રીઓ તથા આચરણ અને વિચાર એકરૂપ કરનારા સૌ આચાર્યોઓને નમસ્કાર.

તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની

★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

## પાસ થયા અભિનંદન

વધુ ફોટા આવતા અંકે



**જય ભરત મોમાયા**
આંદેરા - કોઠારા, M.Com
Master's in Commerce



**મેહુલ પ્રવીણ મોમાયા**
સાંયરા - લાલા
B.E. (C.S.) Engineer



**વંદિત મિનાક્ષી મોનિક ધરમશી**
હૈદરાબાદ
S.S.C. માં **8.8** GPA



**મિહિર ભાવના અશોક મોમાયા**
ભાંડુપ - વરાડીયા
S.S.C. માં **95.60%**



**તારિકા મિના મિનેશ નાગડા**
જલગામ - લાલા, F.Y. Dip.
(E&TC) Sem. I માં **80%**
Sem. II માં **78.71%**



**અંકિત ચેતન દામજી નાગડા**
રંગપુર - ઘાટકોપર, B.E.
(Information of Technology Eng.)



**હમીદ ગિરીશ નાગડા**
કચ્છ - નલીયા
**Cleared CA** Final Exam



**દ્રિષ્ટી પ્રિતી નિલેશ શાહ**
હુબલી - સાંઘવ,
S.S.C. માં **92.64%**



**પૂનમ ચારૂલતા કિર્તી પોલડીયા**
બાયઠ - બડગરા, S.S.C.
(CBSE) CGPA માં **10**

**પાસ થયાના સમાચાર મોકલો :**
**પરિણામો મોકલો. પિતા સાથે માતાનું નામ પણ મોકલો.**

શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ માતા-પિતાના નામ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.

## ડીડી ગિરનાર ચેનલ પર વીમા એજન્ટ બીપીન નાગડાનો ઈન્ટરવ્યૂ



જ્ઞાતિના જાણીતા બીમા એજન્ટ શ્રી બીપીન નાગડાનો નેહા મેહતા (તારક મહેતા ઉલ્ટા ચશ્માના અંજલી ભાભીએ 'ગુજરાતી ગૌરવ' હોવા વધી 'જીવનનો ઉજાસ' ટીવી ઓ માટે લિધેલ ઈનરફૂડ સોમવાર તા. ૩/૮/૨૦૧૫દના રાતે ૧૦ થી ૧૦.૩૦ સુધી ફ્રી રીજીઓનલ ચેનલ ડીડી ગિરનાર પર થી પ્રસારિત થશે. એરટેલવાળા તેને ૫૯૧ ટાટા સ્કાયવાળા ૮૯૭, ઈન કેબલવાળા ૫૭૩ પર તથા હેથવે ૫૩૩ પર આ ઈન્ટરવ્યૂવ જોઈ શકશે.

### ભાવનગર કચ્છ સમાજ દ્વારા અષાઢી બીજની ઉજવણી

ભાવનગરમાં કચ્છ સમાજના સભ્યો દ્વારા કચ્છી નવા વર્ષની ભવ્ય ઉજવણી કરવામા આવી. જાણીતા તજજ્ઞ શ્રી ભરતભાઈ વાઘેલાનું 'વ્યક્તિત્વ વિકાસ' વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવેલ, બપોર બાદનો કાર્યક્રમ ભાવનગર કચ્છ સમાજની સામાન્ય સભાનો હતો. ભાવનગર શહેર ઉપરાંત તળાજા, શિહોર, પાલિતાણા, વલ્લભીપુર, ધોઘા, વગેરે સ્થળોએથી અંદાજે ૫૦૦ પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### ''લગ્ન સંબંધી''

મહારાષ્ટ્ર સ્થીત, હાલ પૂના, 4 Star હૉટલમાં Job ધરાવતા, કુંવારા યુવક, Born. 1988, Ht. 5'.10", Wt. 80 Kg. માટે સંસ્કારી કન્યાના વડીલ સંપર્ક કરે : **083082 66882**

## સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### વરાડીયા તીર્થે ભોજનશાળાના લાખેણા દાતાશ્રીનું સન્માન

શ્રી વરાડીયા તીર્થે ભોજનશાળા બંધાવીને શ્રી સંઘને અર્પણ કરનાર તથા કાયમી ધોરણે ભોજનશાળા ચાલુ રહે એવા ઉમદા હેતુથી હાલમાં જિનાલય ટ્રસ્ટને રૂા. ૫૦ લાખનું માતબર દાન આપનાર માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા પરિવારના સુપુત્ર શ્રી અમૃતલાલભાઈ તથા પુત્રવધુ સૌ. સરલાબેન વરાડીયા તીર્થની મુલાકાતે પધાર્યા ત્યારે તા. ૧૧.૦૭.૨૦૧૫ના વરાડીયાની ભોજનશાળા સમિતિએ તેમના સન્માનની તક ઝડપી લીધી હતી અને સ્થાનિક વડીલોના હસ્તે એમનું સન્માન કરાવેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી દેવેન્દ્રભાઈ પટેલે કરેલ. પુજારી શ્રી પંકજભાઈએ સંગીતભર્યું સ્વાગત ગીત રજુ કરેલ. સ્થાનિક સાધર્મિકો ઉપરાંત ભુતપૂર્વ એમ.એલ.એ. શ્રી ઈસ્માઈલભાઈ માંધેરા, પ્રાણજીવન સેવક, નટુભા જાડેજા વગેરે ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી શાંતીલાલ પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં પૂ. માંકબાઈ માની સ્મૃતિઓ તાજી કરેલ અને પરિવારે આપેલ મહાદાનની અનુમોદના કરેલ.

સન્માન સામગ્રી, સંઘપુજન તથા ચા-અલ્પાહારનો લાભ શ્રી ચેતન ડાઘા, શ્રી નલીન ડાઘા, શ્રી હેમંત મોમાયા, શ્રી અમિત મોમાયા તથા શ્રી દીપક ડાઘાએ લીધેલ.

સ્થાનિકોને બે ટંક જમવાનો માસિક નકરો રૂા. ૧૨૦૦/- છે. શ્રી અમૃતલાલભાઈએ સ્થાનિકો માટે માસિક નકરો પોતે ભોગવવાની તૈયારી બતાવતા ૪ થી ૫ સ્થાનિકો ભોજનશાળાનો લાભ લે છે. એક સાધર્મિકનો નકરો શ્રી નીરંજનભાઈ મોમાયા ભરે છે.

### રાણપર ખાતે વાછરાદાદાની ઉથાપના

રાણપર ખાતે વાછરાદાદાનું મંદિર ગત ૧૮ જુલાઈના ખંડિત થયેલું તેનું નવનિર્માણ કરવાના હેતુસર દાદાની મૂર્તિનું ઉથાપન કરવામાં આવેલ. સુયોગે તે દિવસે હનુમાનદાદાની એક પ્રાચીન મૂર્તિ મળેલ.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


### શ્રી ક.દ.ઓ જૈન પુના

પુના સંઘ દ્વારા તા. ૧૯.૭.૨૦૧૫ ના અષાઢી બીજ કચ્છી નવા વરસની ઉજવણી ખુબજ હર્ષોલ્લાસથી કરાયેલ. પ્રથમ વાર્ષિક સામાન્ય સભા યોજાયેલ. સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝારમાં ફેન્સી ડ્રેસ, સોલો ડાન્સ તથા સૌ. રિતેલ ચિરાગ નાગડા અને ઉત્કર્ષ ખુશાલ મહેશ્વરી દ્વારા નિર્મિત નિર્દેશીત રંગારંગ કાર્યક્રમ 'ફિલ્મીસ્તાન'નું પ્રસ્તુતીકરણ થયેલ. જેમાં પ્રથમ ભાગમાં સંવાદોની અદાકારી સાથેના કચ્છીમાં સુંદર રજુઆત તથા નૉન સ્ટોપ નવા-જુના ફિલ્મી ગીતોની નૃત્યમય પેશકશનો સમાવેશ રહેલ. તેમાં તેર વર્ષથી એક્યાશી સુધીનાઓએ ભાગ લીધેલ.

આ કાર્યક્રમના સ્પોન્સર્સ શ્રી હેમરાજ લાલજી મહેશ્વરી શ્રી હંસકુમાર ભવાનજી ખીમજી, શ્રીમતી ભારતીબેન હંસકુમારના સ્મરણાર્થે તથા માતુશ્રી મધુરીબેન કાંતીલાલ લોડાયા રહેલ. મુરબ્બી શ્રી શાંતિલાલ મુલજી શિયાળ તથા માનનીય શ્રી રાયચંદ રતનશી નાગડા આ પ્રસંગે હાજર હતા.

### શ્રી ભલારાદાદા સ્થાનક કુવાપધર ધ્વજા મહોત્સવે હાર્દિક આમંત્રણ

શ્રી ભલારાદાદા સ્થાનકે ૧૮માં ધ્વજા મહોત્સવ પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.

મુંબઈથી પ્રસ્થાન શનિવાર તા. ૨૯.૧૨.૨૦૧૫ના સયાજી નગરી ટ્રેન દ્વારા.

કચ્છથી રવાના મંગળવાર તા. ૨૨.૧૨.૨૦૧૫ના કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા.

સ્થાનિકે ધ્વજા મહોત્સવ તા. ૨૧/૧૨/૨૦૧૫ ના **લાભાર્થી : માતુશ્રી મણીબેન મેઘજી ખીમજી ધુલ્લા પરિવાર (સુથરી) હઃ અખીલ વિનોદ મોમાયા (વરાડીયા).**

જે પણ ભાઈ-બહેનને આવવાની ઈચ્છા હોય તેમને રૂા. ૨૫૦૦/- ભરી નામ લખાવવા વિનંતી. નામો લખાવવાની અંતિમ તા. ૧૦/૦૮/૨૦૧૫.

સંપર્ક :

| | | |
|---|---|---|
| પદમ સોજપાર મોતા | : | 93211 01201 |
| વિનોદ ખેતશી મોતા | : | 93212 86627 |
| મુલરાજ ગોવિંદજી મૈશેરી | : | 98676 60210 |
| રાયચંદ દેવશી જીવાણી | : | 98330 43749 |

# ચતુર્થ શ્રદ્ધાંજલિ



## સ્વ. અતુલ લીલાધર હંસરાજ ખોના
## સુથરી-કચ્છ.(આદિપુર અંતરજાળ)
## સ્વ. તા. ૧૫-૭-૨૦૧૧

ડી ઓલી ને રાત થઈ, ફેરી થઈ ગોજારી સવાર
ડી ગણી ધેને મેણા વેંયા, વેંયા પુત્તર વરે ચાર જેડા અંધકાર
અખીયુ રૂવેતીયુ ચોધાર, પુતર અખીયુ રૂવેતીયુ ચોધાર
મેઠ્ઠડા તોજી જાધ મે અખીયુ રૂવેતીયુ ચોધાર
વલા તો જી જાધ મે, જીયણ લગેતો જેડો જંજાર
ચે...,કી ભોલો અંસા ઉન ડીકે, જેનડી અંસાજે જીવન મે આયો અંધકાર
ડી. ઓલી ને રાત થઈ, ફેરી થઈ ગોજારી સવાર
છડે હલેવે કૉટમ–કભિલો, ભોલા જે કી તુ **"અતુલ"** પલવાર
મીઠ્ઠડા તોજી જાધ મે, અખીયુ રૂવેતિયુ ચોધાર

**આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના.**

–લીલાધર હંશરાજ ખોના (સુથરી–અંતરજાળ–આંદિપુર)
–સોમચંદ દેવજી મૈશેરી (નાની સિંધોડી)
–લખમશી વેલજી દંડ (મંજલ–રેલડીયા)
–શાંતિલાલ વેલજી લોડાયા (કોઠારા–માનપુરા)
–રતીલાલ ટોકરશી ધરમશી (તેરા–મોટા આસંબીયા)
–અ.સૌ. અલ્પા વિરેન ગોવનજી નાગડા (ડોમ્બીવલી–રાપર ગઢવારી)

ફિલ્મીસ્તાન ના કલાકારો : નવીન ધનજી ધરમશી, દુષ્યંત લાપસિયા, સંકેત લાલકા, ઉર્વેશ દંડ, ધવલ દંડ, પિયુષ દંડ, ભાવના અને ખુશાલ તથા ઉત્કર્ષ મહેશ્વરી, મીનલ દંડ, રિતલ અને ચિરાગ નાગડા, સોનલ અને દિપક લોડાયા, જીનલ અને દેવેન્દ્ર લોડાયા, ચૈતાલી અને નિમેષ મોમાયા, પ્રશાંત ગોસર, અમીષા અને રવિ મુનવર, કાજલ લોડાયા, લબ્ધી જૈન, જીનલ નાગડા, યામીની છેડા, શિલ્પા અને પરેશ નાગડા, મલ્લિકા લાલકા, રીયા લાલકા, ધવલ પટેલ, રવિ મોમાયા કાર્યક્રમના એન્કરસ હતાં ઉત્કર્ષ મહેશ્વરી તથા મલ્લિકા લાલકા.

## હૈદરાબાદ ચૈતન્યપુરીમાં ચાતુર્માસ પ્રવેશ

હૈદરાબાદ ચૈતન્યપુરી શ્રી વાસુપુજ્ય સ્વામિ જિનાલય અચલાગચ્છીય સંકુલમાં પૂ. દીર્ઘસંયમી સાધ્વીશ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા. ના સુશિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ વિધિકાર શ્રી નરેન્દ્ર નંદુની તેમજ સામૈયુ કરવા બહોળી સંખ્યામાં પધારેલા શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં થયો.

આ પ્રસંગે જૈનાચાર્યની તસવીરનું ઉદ્‌ઘાટન, ધાર્મિક પાઠશાળા અને શ્રીસખી સ્નાત્રવૃંદની સ્થાપના થઈ.

સંઘને લબ્ધિકુંભ, ચાંદીનું કમળ તથા વાસક્ષેપ ડબ્બી તથા વૈયાવચ્છના સાધન અર્પણ કરનારા દાતાઓનું સન્માન કરાયું. પૂ. સાધ્વીશ્રી લિખિત ત્રણ પુસ્તકોનું વિમોચન થયું.

ચાતુર્માસના આયોજન માટે કેશવજી પ્રેમજી છેડાને મુખ્ય સંયોજક (કન્વીનર) તેમજ લલીતકુમાર નરશી મોમાયા, ગૌતમ માણેકજી લોડાયા, નરેશ ઉત્તમચંદ મોમાયા તથા રવિકુમાર જીણોતને સહ સંયોજક બનાવવામાં આવ્યા છે.

પ્રવેશ કાર્યક્રમમાટે શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘના નેજા હેઠળ હંસકુમાર શાહ (સાયલા)એ કાચીગુડાથી ચૈતન્યપુરીની બસોની વ્યવસ્થા કરી હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુન્ડ

મંડળ દર વર્ષે શૈક્ષણિક સહાય અર્થે એસ.એસ.સી. થી હાયર એજ્યુકેશન માટે જ્ઞાતિના વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ પાઠ્ય પુસ્તકો આપે છે. જે વિદ્યાર્થીઓ ગયા વર્ષે પુસ્તકો લઈ ગયા છે અને પરિક્ષા પૂર્ણ થઈ ગઈ હોય તો પુસ્તકો પરત કરવા વિનંતી...

સરસ્વતી સન્માન માટે મુલુન્ડમાં વસતા જ્ઞાતિના વિદ્યાર્થીઓ જેઓને નીચે મુજબ ટકાવારી અથવા વધુ ટકા આવ્યા હોય તેમણે તા. ૩૧.૮.૨૦૧૫ સુધી દર રવિવારના સવારના ૧૧ થી ૧૨.૩૦ દરમ્યાન મંડળના વહીવટી કાર્યાલય ખાતે ફોર્મ ભરી જવા વિનંતી. (સાથે રીઝલ્ટની ઓરીજીનલ કોપી અને એક ઝેરાક્સ કોપી લાવવી.) ધોરણ ૧ થી ૫ માટે ૮૫%, ધોરણ ૬ થી ૯ માટે ૭૫%, S.S.C. માટે ૮૦%, ધોરણ ૧૧-૧૨ માટે ૭૦%, ગ્રેજ્યુએટ માટે ૬૦%, હાયર એજ્યુકેશન માટે ૫૦%.

**યાત્રા પ્રવાસ :** પર્યુષણ પર્વ બાદ મંડળ દ્વારા તા. ૧,૨,૩,૪ ઓક્ટોબર ૨૦૧૫ના લક્ઝરી બસ દ્વારા મુંબઈ, લોનાવળા, ફ્લાવર વેલી (સતારા), શીરોલી, કુંભોજગીરી, કળશ મંદિર, પન્હાળા, મહાલક્ષ્મી મંદિર (કોલ્હાપુર) ચૈત્યપરીપાટીનું આયોજન છે. **દર :** મેમ્બર માટે રૂા. ૪૭૦૦/- નોન મેમ્બર માટે રૂા. ૫૦૦૦/- **બુકીંગ :** તા. ૨.૮.૨૦૧૫, રવિવાર થી સવારના ૧૧ થી ૧૨.૩૦ સુધી મંડળના કાર્યાલય ખાતે. **સંપર્ક :** હિતેશભાઈ મૈશેરી - ૯૩૨૩૧૪૧૧૩૯, દિપકભાઈ મોમાયા - ૯૩૨૩૬૪૮૩૯૮

## કોઠારા નજીક વાછરાદાદાની મૂર્તિ મળી

કોઠારા નજીક ખિસરા ગામે, જ્યા આશરે ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં આપણી જ્ઞાતિના લાપસીયા, છેડા અને લોડાયા પરિવારોની વસતી હતી. ત્યાંથી પણ એક વાછરાદાદા પ્રાચીન મૂર્તિ મળી આવી હતી. અહીં પણ દાદાનું નવનિર્મિત મંદિર બનાવવામાં આવશે.

આ પ્રસંગે મુંબઈથી નવીન લોડાયા, રાજુ મોમાયા, પ્રવિણ મોતા, મુકેશ દંડ, હેમંત મોતા, રાજેશ દંડ અને અન્ય જ્ઞાતિજનો ખિસરા ગામના દર ખાસ લોકો સહિત સ્થાનિકોને હાજરી આપી હતી.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ)

કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

**યુ. કે. ખીમજી એન્ડ કાં.** હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.


### ઉજ્વલ કારકીર્દી બદલ અભિનંદન



**મેહુલ પ્રવીણ મોમાયા**

B.E. (C.S.) Engineer

**હાલમાં બેંગલોર ખાતેની**

Oracle India Ltd. માં

Quality Assurance Officer છે.

દાદાણા : **શ્રીમતી ઝવેરીબાઈ ખીમજી મોમાયા** (હુબલી - સાંયરા)

નાનાણા : **શ્રીમતી વિજયાબાઈ રતનશી નાગડા** (ખીરકીયા - લાલા)



**જય ભરત મોમાયા**

M.Com, (Master's in Commerce)

ટાઈલ્સના હોલસેલ વ્યાપારી

દાદાણા :

**શ્રીમતી ઝવેરીબાઈ ખીમજી મોમાયા**

(હુબલી - સાંયરા)

નાનાણા : **શ્રીમતી તારાબાઈ કુંવરજી ધરમશી** (બીજાપુર - કોઠારા)

## શ્રી ક.દ.ઓ. એકતા મહિલા મંડળ, ગાંધીધામ

ક.દ.ઓ. એકતા મહિલા મંડળ, ગાંધીધામ દ્વારા આ વખતે સમર કેમ્પનું આયોજન તા. ૭.૬.૨૦૧૫ ના રોજ કર્યું હતું. ભુજમાં હિપ હોપર્સ ડાન્સ એકેડમી ચલાવનાર પાર્થ શાહે આ પ્રોગ્રામમાં વિવિધ એક્ટીવીટી અને પર્સનાલીટી ડેવલપમેન્ટ, ગરબા, ડાન્સ, કવીઝ કોમ્પીટશન, મ્યુઝીક કોમ્પીટીશન, પ્રોપ ગેમ્સ વગેરે ગેમ્સ રમાડી હતી. કમીટી મેમ્બર્સ મીનાબેન લાલકા, દિપીબેન ધરમશી, કલ્પનાબેન મોતા, ભાવિની દંડ, મૃદુલાબેન, લતાબેન પણ સાથ સહકાર આપ્યો હતો.

બધાને સર્ટીફીકેટસ અને વિવિધ ઈનામો આપીને અનુમોદના કરવામાં આવી હતી.

મંડળ દ્વારા સભ્યોનીજ મેડિકલ કેમ્પમાં બેસ્ટ કેન્સરની ચકાસણી સહયારી ટ્રસ્ટ, ગાંધીધામમાં કરાવવામાં આવેલ.

## બાંડીયાના શ્રી ક.દ.ઓ. જૈન મિત્ર મંડળની નવી કારોબારી સમિતિ

હાલમાં નિમાયેલ શ્રી. ક.દ.ઓ. જૈન મિત્ર મંડળ, બાંડીયાની નવી કારોબારી સમિતિ થયેલ છે. : પ્રમુખ : હંસાબેન હીરાચંદ પટેલ, ઉપપ્રમુખ : મણીકાંત રાયશી શાહ (લોડાયા), માનદ મંત્રી : પારસ લહેરચંદ શાહ (પટેલ), સહ માનદ મંત્રી : કીરીટ દામજી લોડાયા, ખજાનચી : તીલકચંદ કુંવરજી લાલકા, સમિતી સભ્યો : હરીશ રાઘવજી લોડાયા, હીરાચંદ વીશનજી નાગડા, સુનીલ પદમશી લાલકા, નરેન્દ્ર કુંવરજી લાલકા, નીપેશ હીરાચંદ પટેલ, પરેશ મુલચંદ લોડાયા, નવીન રાયશી મૈશેરી, પીયુષ કુંવરજી લાલકા, કીરણ ગોવિંદજી ધુલ્લા પુષ્પાબેન મણીકાંત શાહ (લોડાયા), વાસંતીબેન કીરીટ લોડાયા, શ્રી કિરણ મણીલાલ દંડ

બાંડીયા ગામજ્ઞાતિજનોનું ૭મું સ્નેહમિલન રવિવાર, તા. ૧૧.૧૦.૨૦૧૫ના રોજ શેઠશ્રી નરશીનાથા હોલ, અનંતસીધ્ધી, ભાંડુપમાં યોજાશે.

## રાયચુર (કર્નાટક)માં અષાઢી બીજની ઉજવણી

શ્રી આરાધક મંડળ રાયચુરના વાર્ષિક દિવસ તથા અષાઢી બીજની ઉજવણી તા. ૧૨.૭.૨૦૧૫, રવિવારે થઈ હતી.

વાર્ષિક અહેવાલ મનિષભાઈએ વાંચી સંભળાવેલ. સામાયિક લઈને નવકારનો જાપ કરેલ. મહિલાઓમાં સુંદર પહેરવેશમાં સૌ. કલ્પનાબેન કાંતીલાલ ગડા, સૌ. રેખા તુષાર મોમાયા તથા સૌ. કેશર દીપક ગડા ને ઈનામ આપવામાં આવ્યા. બાળકોમાં સારો ડ્રેસમાં જયનમ સંજય ગડાને ઈનામ મળ્યો. નવકાર જાપમાં શાંતિથી બેસીને જાપ કરવા બદલ બે વર્ષની નાની બેબી વિશાખા સંતોષ ગડાને ઈનામ આપવામાં આવ્યું. ચિ. નિલકુમારએ પ્રશ્નો પૂછ્યા. ચિ. સમર્થ તુષાર મોમાયા તથા ચિ. ભુવન ગીરીશ દેસાઈ ને ઈનામ આપવામાં આવ્યા. સંઘ કયાં જવું એની ચર્ચા બાદ રમત રમાડવામાં આવી. એમાં ઉજ્જવલ ઉપેન્દ્ર ધરમશીને ઈનામ આપવામાં આવેલ.

## ''પ.પૂ. મ.સા. નું તેરા તીર્થે ચાતુર્માસ મંગળ પ્રવેશ''

તેરા તીર્થે ..... ચાલુ સાલે ચાતુર્માસની આરાધના કરવવા માટે પધારેલા પ.પૂ. સા. શ્રી વીરગુણાશ્રીજી મ.સા તથા પ.પૂ. સા. શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા..

મંગલ પ્રવેશ શુક્રવાર તા. ૧૭.૭.૨૦૧૫ નાં રોજ થયેલ શ્રી સંઘ ની બહોળી હાજરીમાં ભવ્ય સ્વાગત સામૈયું થયું. પ.પૂ. મ.સા. એ ચાતુર્માસ નાં ચાર મહિનાનું મહત્ત્વ સમજાવેલ. પ.પૂ. મ.સા. ને સૂત્ર વહોરાવવાનો લાભ - શ્રીમતી નેણબાઈ ખીમજી નાગડા (સાંગલી પરિવાર) તેરા એ જ્યારે ચરિત્ર વહોરાવવાનો લાભ શા. હેમરાજ કાનજી મોમાયા (વરાડીયા-હુબલી) પરિવારે લીધેલ. પ.પૂ.મ.સા નું ગુરૂપૂજન નો લાભ શ્રી સોમચંદ ભાણજી લાલકા (વારાપધ્ધર હાલ અમલનેર)પરિવારે લીધેલ.

પ.પૂ. મ.સા. ના ચાતુર્માસ મંગલ પ્રવેશ પ્રસંગે - સવારના નવકારશી શ્રી આણંદ પરિવાર તરફથી. બપોરનું સ્વીમીવાત્સલ્ય જમણ માતુશ્રી પ્રેમાબાઈ ભાણજી લાલકા (વારાપધ્ધર-બોરીવલી મુંબઈ) એ સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ હતો. આદીપુર-ગાંધીધામ-વડોદરા-મુંબઈ-અમલનેર-હુબલી વિગેરે સ્થળોથી મોટી સંખ્યામાં ભાવિકો પધારેલ.

તેરા તીર્થના ટ્રસ્ટીગણ શ્રી રમેશભાઈ દંડ, શ્રી પ્રવિણભાઈ દંડ, શ્રી નરેન્દ્રભાઈ દંડ, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી કુમારભાઈ દંડ, શ્રી નિરંજનભાઈ લોડાયા, શ્રી શાંતિલાલભાઈ લોડાયા એ આયોજનને સફળ બનાવવા જહેમત લીધી હતી.

શ્રી જીવામાં નમઃ **કુળદેવી જીવામાંતાજીની પહેડી**

તેરામાં બિરાજમાન શ્રી જીવામાંતાજીને નમતા શિયાલ પરિવારના ભાવિકોને ભાવભર્યું આમંત્રણ આપતાં જણાવવાનું કે કુળદેવી જીવામાંતાજીની પહેડીનો કાર્યક્રમ કાર્તિક પૂનમ તા. ૨૫/૧૧/૧૫ના તેરા મધે રાખેલ છે. સંપર્ક : છગનભાઈ શિયાલ - 09920909764, હીરાચંદ શિયાલ - 09320064511

**કચ્છ નલીયા મધ્યે જગ્યા વેચવાની છે**

કચ્છ નલીયા મધ્યે ચંદ્રપ્રભુ દેરાસરની બાજુમાં જગ્યા વેચવાની છે. નાગડા ફળીયામાં ઘર નં. ૧/૩/૯૦, પ્લોટ નં. ૧/૩/૯૧. સંપર્ક : 80806 69002 / 96999 05383

### મોટી સિંધોડી - પર્યુષણ ઉજવણી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ, મોટી સિંધોડી દ્વારા મોટી સિંધોડી ગામે પર્યુષણમાં ધર્મ આરાધના કરવા તથા પર્યુષણ ફંડમાં સહયોગ આપવા અનુરોધ કરવામાં આવે છે. શ્રી સંઘ તરફથી રૂા. ૫૦૦૦/- અને રૂા. ૨૫૦૦/- ના દાતા નોંધવામાં આવી રહ્યા છે. પર્યુષણ બાદ શ્રી પ્રગતિ મહિલા મંડળના નેજા હેઠળ ગામની અન્ય સંસ્થાઓ, મહાજન, ટ્રસ્ટ તથા યુથ ફોરમના સહયોગ થી તા. ૪-૧૦-૨૦૧૫ના મુલુંડ સંઘમાં બિરાજમાન આચાર્ય ભગવંત, ગામના એકમાત્ર બાળસાધ્વી પૂ. મલ્લીગુણાશ્રીજી અને અન્ય અચલગચ્છીય ગુરૂભગવંતોને વંદવા ચૈત્ર પરિપાટીનું આયોજન કરવામાં આવ્યું છે. નામ મહિલા મંડળના અધિકારીઓ પાસે નોંધાવવા તથા વધુ વિગત માટે તેમને સંપર્ક સાધવો.

### ''શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી''

ડોંબિવલી કે.ડી.ઓ. મંડળે સર્વે સમસ્ત જૈન સંઘોને આમંત્રણ આપી જૈન માયનોરી ટ્રેનીંગ કોર્સ (ફ્રી કોર્સ) તથા જાગૃતિ માટે મહેશ ટ્યુટોરીઅલ નાં સહયોગથી તા. ૧૨.૭.૨૦૧૫ રવિવારે સુવિધીનાથ દેરાસરમાં સેમીનારનું આયોજન કરેલ જેમાં ૧૨ સંઘનાં ટ્રસ્ટીઓ તથા લાભાર્થીઓ સંઘ જે ૬૫૦ જણાંએ હાજરી આપીને જાણકારી મેળવી. મહેશ ટ્યુટોરીઅલ તરફથી પંકજ મહેતા એ વિગતવાર ઝણાવટથી માહિતી આપેલ. કાર્યક્રમનું સંચાલન વિજય સોનીએ સંભાળેલ. સંઘો વતી મંડળનાં પ્રમુખ રાયચંદ જીવાણીએ પુષ્પગુચ્છ આપીને પંકજ મહેતાનું સન્માન કરેલ.

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| સનત વિસનજી મોતા | આર.ડી.એલ.-૪૬, સી-૫, જી.આય.ડી.સી. ન્યુ કોલોની, અંકલેશ્વર -૩૯૩૦૦૨ |
| કિશોર લાલજી નાગડા | સી-૩૦૨, અનંતનાથજી કોમ્પલેક્સ, નેહરૂ નગર, કાંજુર માર્ગ (પૂ) - ૪૦૦ ૦૪૨ |
| ધર્મેશ જે. ધરમશી | એ/૧૫, ૩ જે માળે, શ્રી યશવંત કો.ઓ.હૉ.સો., ૯૦ ફીટ રોડ, મેઘરાજ હોટેલની સામે, સોફા મોલ, ઘાટકોપર (પૂ) - ૪૦૦ ૦૭૭ |
| આશિષ બુધિધન મોમાયા | માયફેર અપાર્ટમેન્ટ, ૧૭/૯, પદ્માવતી કોલોની, જંક્શન મેન રોડ, મેયાનુર, સાલેમ, તામિલનાડુ - ૬૩૬૦૦૫ મો. 09159318886/09159318887 |
| હીરેન વિસનજી પોલડીયા | પ્રણવરાજ અપાર્ટમેન્ટ, બી-વિંગ, ૨ જે માળે, રૂમ નં ૮, નિર્મલસિંગની વાડી, ભાનુશાલી નગર, ભુજ-કચ્છ ૩૭૦૦ ૦૦૧ મો. 07567136125/ 07567136124 |
| નવલબેન વીરચંદ શાહ(ધરમશી) | સી-૭, ૨ જે માળે, રાધિકા પાર્ક, બેંકર નગર, ધાયરી પુણે-૪૧૧ ૦૪૧ મો. 07798574109/ 09765445779 |
| ચંદન પ્રતાપ પાલાણી(ખોના) પ્રતાપસિંહ વી.ખોના | ૧૦૨, હોરીઝોન ફ્લોરા, કસ્તુરબા રોડ, અલકેશ કો.ઓ.હૉ.સો.લિ., મુલુંડ (૫) મુંબઈ ૪૦૦ ૦૮૦મો. 08689905400/ 09323277974 |
| ધનલક્ષ્મી મણીલાલ લોડાયા | એ-૨૦૩, જય બલરાજેશ્વર કો.ઓ.હૉ.સો., ન્યુ આયરે રોડ, રાજ ગંગા/સુશીલા ભવનની સામે, ડોંબિવલી (પૂ) - ૪૨૧ ૨૦૧ |
| રાજેશ શાંતિલાલ ધુલ્લા | અનેરી, શૉપ નં ૫, નવલકર ટ્રેડ સેંટર, આઝાદ મેદાનની સામે, એમ.જી.રોડ, પણજી, ગોવા-૪૦૩ ૦૦૧ મો. 08322468178 |
| રાહુલ હીરાચંદ લાલકા | ૩૦૨ -બી, રિધ્ધી સિધ્ધી અપાર્ટમેન્ટ, પ્લોટ નં ૬, સેક્ટર ૫, ઉલવે, નવી મુંબઈ - ૪૧૦ ૨૦૬ મો. 09167112713 |
| વસંત કેશવજી માલદે | ૭ -બી, પંચશીલ બિલ્ડીંગ, દેવીદયાલ રોડ, મુલુંડ મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| નિતલ ઉત્તમ કલ્યાણજી ખોના | ૪૦૩, શંખેશ્વર ટૉવર, સુધા શાંતિ નગર, ઘાટકોપર (ઈસ્ટ), (ઈસ્ટર્ન એક્સપેસ હાયવે પાસ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો. 07738155571 |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૬.૧૫ | ઘાટકોપર | જિહાન કાર્તિકા/નિતલ ઉત્તમ ખોના | જખૌ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૭.૧૫ | મુલુંડ | દિપક રાયચંદ રતનશી દંડ(કારાણી) | સુથરી | ૩૯ |
| | માટુંગા | પ્રિયા પ્રતાપ મુલજી લોડાયા | નલીયા | ૩૬ |
| ૧૭.૦૭.૧૫ | બડગરા | કપિલ કાંતિલાલ નરશી દંડ | લાલા | ૨૮ |
| | અંકલેશ્વર | ગ્રીષ્મા કમલેશ માણેકજી દંડ | તેરા | ૨૫ |
| ૧૮.૦૭.૧૫ | ડોંબિવલી | પરેશ નરેન્દ્ર કુંવરજી દંડ | દલતુંગી | ૩૨ |
| | ઔરંગાબાદ | મીત્તલ ભરત વીરજી નાગડા | રંગપુર | ૨૮ |
| ૨૧.૦૭.૧૫ | ડોંબિવલી | હર્ષ મહેશ ખેતશી દૌલત | સુથરી | ૨૪ |
| | ડોંબિવલી | ખુશ્બુ કુલીન ખેતશી ધરમશી | જશાપર | ૨૦ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૭.૧૫ | નાલાસોપારા | મયુર મહેન્દ્ર શીવજી લોડાયા | જખૌ | ૨૯ |
| | દાદર | પ્રિતી ચંદ્રકાંત શામજી ગડા | રાયધણજર | ૨૫ |
| ૧૭.૦૭.૧૫ | મુલુંડ | જીગર ધનજી કાનજી સાયલા | ભૂજપુર | ૩૧ |
| | ઘાટકોપર | એકતા જયંતિલાલ ખીમજી મોમાયા | જખૌ | ૨૯ |
| ૧૭.૦૭.૧૫ | નવી મુંબઈ | દિપેશ અરવિંદ નાનજી કેનિયા | કપાયા | ૨૬ |
| | ડોંબિવલી | હેજલ લહેરચંદ પદમશી દંડ | લાલા | ૨૬ |
| ૧૮.૦૭.૧૫ | મુંબઈ | ડૉ.વિવેક ઉમાનાથ શેટ્ટી | બેંગ્લોર | ૩૦ |
| | માટુંગા | ઈશા ગીરીશ ઉત્તમચંદ નાગડા | નલીયા | ૨૭ |
| ૨૧.૦૭.૧૫ | મુલુંડ | મોનીલ બંકીમ ખીમજી ગાલા | તેરા | ૨૭ |
| | શેરડી | મેહલ નવિનચંદ્ર વીશનજી હરીયા | હૈદરાબાદ | ૨૭ |
| ૨૧.૦૭.૧૫ | કેશોદ | ધર્મેશ તરૂણ પ્રભાશંકર જોષી | કેશોદ | ૨૭ |
| | અંજાર | ભૂમી નીરંજન નરશી લોડાયા | તેરા | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૦૪.૧૫ | ભરૂચ | સૌરભકુમાર રમેશભાઈ મણીલાલ નાગડા | નલીયા | ૩૦ |
| | હુબલી | મયુરી મુલચંદ પ્રેમચંદ ખોના | મોટી ખાવડી | ૨૬ |

### છુટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૬.૧૫ | મુલુંડ | હિરેન પ્રફુલ કલ્યાણજી લોડાયા | મંજલ | ૩૦ |
| | મુલુંડ | નેહા હંસકુમાર શામજી શિયાલ | જખૌ | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૬.૧૫ | બાગલકોટ | લીના સુરેશ શામજી ધરમશી | સુથરી | ૫૫ |
| ૧૯.૦૭.૧૫ | ઘાટકોપર | લખમશી ચત્રભુજ સાયલા | તેરા | ૭૨ |
| ૨૧.૦૭.૧૫ | અમદાવાદ | ચદ્રકાંત ભવાનજી મૈશેરી | કુવાપધર | ૫૪ |




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

# તેરા તીર્થે જીરાવલ્લા તથા શામળીયા પાર્શ્વનાથ દાદાના દરબારે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ

## ''દેરાસર વિભાગ''



- પ.પૂ. ગુરૂ ભગવંતો નાં સાનિધ્ય માં ચાતુર્માસીય ચાર મહિના ની ભવ્યાતી ભવ્ય ધર્મ આરાધના.
- પર્યુષણ પર્વ ની ઉત્સાહભેર ધર્મ ઉજવણી
- દર વરસે ચૈત્ર તથા આસો માસ ની શાશ્વત આયંબીલની ઓળી ની આરાધના.
- વર્ષ દરમ્યાન દર મહિને પૂનમની ઉજવણી, જેમા સામુહિક સ્નાત્ર પૂજા, શ્રી જીરાવલ્લા દાદાનાં જાપ, બપોરે સકલ સંઘની સાર્ધમિક ભક્તિ શ્રી સંઘના રસોડે. દર પૂનમે બહારગામથી સારી સંખ્યામાં ભાવિકો પધારીને લાભ લે છે.
- દર વરસે મહાસુદ - ૫ (વસંત પંચમી) જિનાલય વર્ષગાંઠ - ધ્વજારોહણની ભવ્યાતીભવ્ય ઉજવણી.
- દર વરસે કારતક સુદ - ૧૫ નાં સિધ્ધાચલ ભાવયાત્રા - સામુહિક ચૈત્યવંદન - ૧૦૮ ખમાસમણા સહ ભાથુ અને પ્રભાવના.
- કારતક સુદ - ૫ નાં જ્ઞાન પંચમી ની ઉજવણી.
- ચૈત્ર સુદ - ૧૩ નાં શ્રી મહાવીર જયંતિની ઉજવણી - પ્રભુજીની રથયાત્રા - સામુહિક સ્નાત્ર પૂજા - મોટી પૂજા - સાર્ધમિક ભક્તિ - રાત્રે પ્રભુજીની ભાવના.
- ચાતુર્માસનાં ચાર મહિના દરમ્યાન દરરોજ રાત્રે પખાવાજ સહ પ્રભુજીની ભાવના.

## ''મહાજન વિભાગ''



- તેરા તીર્થની યાત્રાએ દર વરસે અંદાજીત ૨૫ થી ૩૦ હજાર યાત્રાળુઓનું આવાગમન.
- કાયમી ભોજનશાળાની સુચારૂ વ્યવસ્થા.
- વિનયી - સેવાભાવી - કર્તવ્યશીલ - વિનમ્ર સેવકગણ ની હાજરી.
- મહાજનવાડી સંકુલ માં અદ્યતન અતિથીગૃહ ની A/C રૂમો સાથેની સુંદર વ્યવસ્થા.
- એક સાથે ૨૦૦ જણ ની રહેવાની સગવડ.
- તાજેતરમાં R.O. પ્લાન્ટ (શુદ્ધપાણી) સહિત - પાણીની પરબનું લોકાપર્ણ
- માદરે વતન હવા બદલ કરવા માટે રાહત દરે રહેવાની વ્યવસ્થા.
- સ્થાનિકે રહેતા આપણા જ્ઞાતિજનો માટે રાહત દરે ટીફીન વ્યવસ્થા.
- ચાર મહિના (ઉનાળામાં) છાસ નું વિતરણ.

## ''પાંજરાપોળ વિભાગ''



- પાંજરાપોળ માં લુલા, લંગડા (પાંગડા), અપંગ પશુઓની ખાસ માવજત સાથે નિભાવ.
- હાલમાં સંસ્થામાં કુલે ૨૧૦ પશુઓનો નિભાવ.
- દર વરસે ફાગણ સુદ - ૫ નાં શ્રી નેમિનાથ ભગવાનના દિક્ષા કલ્યાણક નિમિતે, જે દિવસને કેન્દ્ર સરકાર પ્રાણી રક્ષા દિન તરીકે ઉજવે છે. તે દિવસે પ.પૂ. મ.સા.ની શુભ નિશ્રામાં પશુઓને નવકાર મંત્ર તથા માંગલિક સંભળાવવામાં આવે છે અને જીવદયાના પ્રેરક પ્રસંગોનું પ્રવચન થાય છે. સકળ સંઘ સાથે પાંજરાપોળમાં પશુઓનું પુજન કર્યા બાદ લાપશીનું જમણ તેમને આપવામાં આવે છે. સંઘના ભાઈ-બહેનો પોતાના ઘરેથી લાવેલી વિવિધ વાનગીઓ પશુઓને ખવડાવે છે. તે દિવસે જીવદયાનો ફાળો એકત્રિત કરવામાં આવે છે.
- પાંજરાપોળની સામે જ - ચબૂતરો - ''જીવદયા વાત્સલ્ય'' સુંદર ગાર્ડન તથા સર્વ ધર્મ સમભાવનાની સંતો, મહાત્માઓ , ભગવંતોની દર્શનીય પ્રતિમાઓ છે.
- દરરોજ ગામમાં કુતરાઓને રોટલા આપવામાં આવે છે.
- દરરોજ મોરલા, પોપટ, વગેરે પક્ષીઓને ચણ નાખવામાં આવે છે.
- સંસ્થાની ૯૦ એકર જમીનમાં વરસાદ આધારીત ઘાસચારાનું વાવેતર કરવામાં આવે છે.
- સંસ્થામાં ગોબર ગેસ - ૨૫ ઘ.મી. નાં બે પ્લાન્ટ કાર્યરત છે.
- સંસ્થા દ્વારા વૃક્ષ - ઉછેર તેમજ વૃક્ષારોપણ પ્રવૃતિને અગ્રીમ મહત્વ આપવામાં આવે છે.
- વહી જતા વરસાદી પાણીને રોકવા - નાના નાના બંધ તથા ચેકડેમની વ્યવસ્થા છે.
- ગામમાં રાહત દરે દુધની વિતરણ વ્યવસ્થા છે.

## તારે તે તીર્થ... તેરા તુજકો અર્પણ...

તેકુલાધુ પરિવાર... ભાઈ બહેનો,

તેરા ગામ - તેરા તીર્થ જીરાવલ્લા - શામળીયા દાદા હાજરાહજુર, આપણું મહાજન, આપણું ટ્રસ્ટ અને આપણી પાંજરાપોળ.

**આપણે શું કરી શકીયે ...???**

આપણા ગામનો ભવ્ય ભૂતકાળ, જાજરમાન વર્તમાન અને ભવ્ય ભવિષ્યકાળ માટે **આપણે શું અર્પણ કરી શકીયે... ???**

તેરા મહાજન - દેરાસરના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ આપણા જાજરમાન વર્તમાનને સાચવવા અને ભવિષ્યકાળ અને આવનારી પેઢી માટે આપણી ત્રણે સંસ્થાનું સુચારું સંચાલન માટે તમારા આંગણે પધારશે, ત્યારે તમારા અગત્યના સુઝાવ, અવલોકન અને મંતવ્યો તેમને જણાવવા વિનંતી.

લી. **શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન તથા દેરાસર ટ્રસ્ટ, તેરાના ટ્રસ્ટીઓ**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# તેરા ગામે પૂજ્યશ્રીઓનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ તથા પાણીની પરબના ઉદ્ઘાટન

## પ્રસંગની તસ્વીરી ઝાખીં સંવત ૨૦૭૧ દિ. અષાઢ સુદ ૨ તા. ૧૭/૭/૨૦૧૫ શુક્રવાર



પ.પૂ. સાધ્વીશ્રી વીરગુણાશ્રીજી મ.સાહેબ
અને
પ.પૂ. સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સાહેબ



પ.પૂ. સાધ્વીશ્રી વીરગુણાશ્રીજી મ.સા.
અને પ.પૂ. સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી
મ.સા.ની સાથે ગામવાસીઓ



પ.પૂ. સાધ્વીશ્રી વીરગુણાશ્રીજી મ.સા.
અને પ.પૂ. સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.
ના પ્રવેશ પ્રસંગે ગામવાસીઓ



પ.પૂ. સાધ્વીશ્રી ને સૂત્ર વહોવરાવતાં
શ્રી શરદ હેમરાજ મોમાયા વરાડીયા - હુબલી



પાણીની પરબ પ્રસંગે
વરઘોડામાં દાતા પરિવાર અને ટ્રસ્ટીગણ



પાણીના પરબ નું ઉદ્ઘાટન
કરતા દાતા પરિવાર



તક્તીનું અનાવરણ કરતા દાતા પરિવાર
શ્રી સોમચંદ ભાણજી લાલકા, વારાપધ્ધર - અમલનેર



પાણીની પરબ સાથે દાતા પરિવાર




પાણીની પરબ - શીતલ - જલધારા



દાતાશ્રીનું બહુમાન કરતા ટ્રસ્ટીગણ



દાતાશ્રીનું બહુમાન કરતા ટ્રસ્ટીગણ



પાણીની પરબ પ્રસંગે આભાર વ્યક્ત કરતા
શ્રી સચીન રાયચંદ લાલકા, વારાપધ્ધર - બોરીવલી

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,